સ્વતંત્રતાનાં
પચાસ વર્ષ

# સ્વાતંત્ર્ય-સંગ્રામનાં ગીતો

સંપાદક

**મહેન્દ્ર મેઘાણી**



GJ 891.471
M 472 S

*INDIAN INSTITUTE*
*OF*
*ADVANCED STUDY*
*LIBRARY, SHIMLA*

# સ્વાતંત્ર્ય-સંગ્રામનાં ગીતો

સંપાદક

મહેન્દ્ર મેઘાણી

ચિત્રકાર

પાર્થ સેનગુપ્તા

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

Library IIAS, Shimla
GJ 891.471 M 472 S
00130247

Acc. No. 130247
Date 9-9-2010

GuJ
891.471
M472S

ISBN 81-237-2182-X
પ્રથમ આવૃત્તિ 1997 (*શક 1919*)
પુનર્મુદ્રણ 1998 (*શક 1920*)
© કવિ-ગીતકારોને આધીન
આ સંકલન પૂરતો © નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, 1997
Songs of Freedom Movement *(Gujarati)*

**રૂ. 9.00**

પ્રકાશક : નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
એ-5 ગ્રીન પાર્ક, નવી દિલ્હી - 110 016

# સંપાદકની નોંધ

આપણી સ્વરાજની લડત દરમ્યાન દેશભક્તિનાં અનેક ગીતો પ્રજાએ ઉત્સાહભેર ગાયેલાં તેમાંથી થોડાંકનો આ સંગ્રહ ભારતની સ્વતંત્રતાની ૫૦મી જયંતી પ્રસંગે તૈયાર કરેલો છે. નેશનલ બુક ટ્રસ્ટે ઠરાવેલી પાનાંની મર્યાદામાં રહીને આમાં ૬૯ ગીતો આવી શક્યાં છે. તેમાં ૩૮ કવિઓનાં ૬૪ ગીતો છે. અને બીજાં પાંચના કર્તા અજ્ઞાત છે. લગભગ બધાં ગીતો અહીં ટૂંકાવેલાં છે.

હિંમતલાલ અંજારિયાએ સંપાદિત કરેલ 'દેશભક્તિનાં કાવ્યો' નામનો સંચય ૧૯૦૫માં ગુજરાત સાહિત્ય સભા તરફથી બહાર પડેલો. તે પછી એ જાતના અનેક સંગ્રહો જુદા જુદા સંપાદકો પાસેથી મળતા રહેલા છે, પણ તેમાંથી ભાગ્યે જ કોઈ આજે પ્રાપ્ય હશે. તે પૈકી એક 'લડતનાં ગીતો'નું સંપાદન ઈશ્વરલાલ દેસાઈએ કરેલું અને સૂરત જિલ્લા પંચાયતની સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ તરફથી ૧૯૭૦માં તેનું પ્રકાશન થયેલું. તેના સંપાદકીય નિવેદનમાં જણાવેલું તેમ–

"બંગભંગથી માંડીને ૧૯૪૨ની 'હિંદ છોડો' સુધીની દેશને મુક્ત કરવાની લડતોમાં રાષ્ટ્રગીતોનો આગવો ફાળો છે. અને ખુશનસીબીની વાત એ છે કે આઝાદીની લડતોનો રંગ ઝીલનારા અને તેને વાચા આપનારા અનેક કવિઓ ગુજરાતે આપ્યા છે. રાષ્ટ્રના ધબકતા પ્રાણ સાથે એમના પ્રાણ ધબક્યા છે, તેથી એ ગાળામાં ગુજરાતને ઘણાં સુંદર રાષ્ટ્રગીતો મળ્યાં છે. લગભગ ચાર દાયકાના આ લડતના કાળમાં આ ગીતોનાં ગાનારાં પણ ઘણાં નીકળ્યાં છે, અને એ ગીતો સાંભળીને ડોલનારાં, નવા ચૈતન્યથી

ઊછળનારાં લાખો લોકો પણ આપણે જોયેલાં છે.''

ભારતની આઝાદીની ૨૫મી જયંતી નિમિત્તે ગુજરાત સરકાર તરફથી કેટલાંક પ્રકાશનો બહાર પડેલાં, તેમાંનું એક હતું 'આઝાદીનાં પ્રેરણાગીતો'. વિવિધ કવિઓનાં ૭૦ ગીતોના એ સંચયની પ્રસ્તાવનામાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી ઘનશ્યામભાઈ ઓઝાએ વ્યક્ત કરેલી ભાવના આજે પચીસેક વરસ પછી પણ સંભારવા જેવી છે :

''ભારતના આઝાદી-જંગ વખતે લોકસમૂહની જાગૃતિ અપૂર્વ હતી. સ્વાતંત્ર્ય-સંગ્રામના એ જુવાળમાં લોકોને આઝાદી-પરસ્ત કરવામાં રાષ્ટ્રગીતોએ જબ્બર ફાળો આપ્યો છે. પ્રભાતફેરીઓ, સભાઓ, સરઘસો દ્વારા રાષ્ટ્રગીતોએ વ્યાપક નવચેતના ફેલાવી હતી. માતૃભૂમિની મુક્તિ માટે ઝંખતો લોકહૃદયનો સાચો રણકો આ ગીતોમાં ગાજતો હતો. ગામેગામ અને ઘરેઘરે આઝાદીનાં આ ગીતો સહુ કોઈના કંઠે ગવાતાં અને ઝીલાતાં હતાં. આ ગીતો ગાતાં ગાતાં સત્યાગ્રહીઓએ લાઠીઓ અને ગોળીઓ ઝીલી હતી, કારાવાસની સજા હસતે મોંએ સ્વીકારી હતી, અને ફાંસીને માંચડે પણ વીર જવાનો આઝાદીનાં ગીતો ગાતાં ગાતાં સિધાવ્યા હતા. મુક્તિસંગ્રામ દરમ્યાન જાનફેસાનીની ભાવનાનું સિંચન એ ગીતોએ કર્યું હતું. એ વિરલ ભાવનાનો પરિચય આ ગીતો નવી પેઢીને કરાવી રહેશે. સાથોસાથ, દેશના નવીન ઘડતરનું કાર્ય આપણી સમક્ષ એક પડકારરૂપે ખડું છે, ત્યારે આઝાદીનાં આ પ્રેરક ગીતો રાષ્ટ્ર કાજે સર્વસ્વ ન્યોછાવર કરવાની ભાવના પણ પ્રેરી રહેશે.''

**મહેન્દ્ર મેઘાણી**

15 ઑગસ્ટ 1997

# ક્રમ


| | | |
|---|---|---|
| આઝાદી | *રતિલાલ 'અનિલ'* | 9 |
| આઝાદીની તમન્ના | *જયંતીલાલ આચાર્ય* | 9 |
| અમારો દેશ | *અરદેશર ખબરદાર* | 10 |
| ગુજરાતનો યજ્ઞકુંડ | *અરદેશર ખબરદાર* | 11 |
| નિશાન ભૂમિ ભારતનું | *ત્રિભુવન ગૌ. વ્યાસ* | 12 |
| ગુલામીની બેડી | *ફૂલચંદ શાહ* | 12 |
| ના હઠવું, ના હઠવું! | *નર્મદાશંકર દવે 'નર્મદ'* | 13 |
| ભરતભૂમિનાં બાળ | *ચંદુલાલ દેસાઈ* | 13 |
| ભારતમાતાનાં બાળકો | *ગિજુભાઈ બધેકા* | 14 |
| અમે ગાંધી-વલ્લભનાં વાંદરાં | *ગિજુભાઈ બધેકા* | 14 |
| આવો આવો | *'પ્રબુદ્ધ'* | 16 |
| વાનરસેના નહિ ડરશે | *ગિજુભાઈ બધેકા* | 17 |
| વાનર-ગીત | *ચીમનલાલ પ્રા. ભટ્ટ* | 18 |
| વાનરસેના, વાનરસેના! | *જુગતરામ દવે* | 20 |
| મુક્તિગાન | *રતુભાઈ દેસાઈ* | 20 |
| એવા ગાંધી ગૂજરાતે ઊતર્યા રે! | *ગિરીશ* | 22 |
| બાપુનું વેણ | *પંકજકાંત* | 22 |
| સ્વરાજ્ય લઈ વહેલા આવજો! | *ચતુરલાલ પંડ્યા* | 24 |
| વીરહાક વાગે છે | *નર્મદાશંકર પંડ્યા* | 25 |
| મારું વતન | *ચીમનલાલ પ્રા. ભટ્ટ* | 25 |
| છેલ્લો કટોરો | *ઝવેરચંદ મેઘાણી* | 26 |

| | | |
|---|---|---|
| માતા! તારો બેટડો આવે | *ઝવેરચંદ મેઘાણી* | 28 |
| હિઝરતે | *પ્રીતમલાલ મજમુદાર* | 29 |
| કેસરિયો વર | *જયોત્સ્ના શુક્લ* | 30 |
| ધરમને ધીંગાણે | *દુલા 'કાગ'* | 30 |
| રેંટિયે લેજો હરિનું નામ | *રમણલાલ સોની* | 31 |
| સ્વરાજ લેવું સહેલ છે | *અજ્ઞાત* | 32 |
| પૂર્ણ સ્વરાજ | *'સ્નેહરશ્મિ'* | 32 |
| ખાદી પહેરંતો મારો છે ભાઈ! | *ગિજુભાઈ બધેકા* | 33 |
| તમારા દેશને માટે | *કલ્યાણજી વિ. મહેતા* | 34 |
| – તમારી આત્મશ્રદ્ધા તો! | *કલ્યાણજી વિ. મહેતા* | 34 |
| સત્યાગ્રહી ચેલા | *કલ્યાણજી વિ. મહેતા* | 35 |
| હિંદના બંદા | *કલ્યાણજી વિ. મહેતા* | 35 |
| ત્રિરંગી ઝંડો | *રતિલાલ 'અનિલ'* | 36 |
| ભારતનો ઝંડો | *અરદેશર ખબરદાર* | 37 |
| અમર ઈતિહાસે | *દેશળજી પરમાર* | 38 |
| સાચના સિપાઈ | *ન્હાનાલાલ કવિ* | 39 |
| શૂરવીર આવજો | *જીવણસિંહ ગામીત* | 39 |
| ગોરો | *ચીમનલાલ પ્રા. ભટ્ટ* | 40 |
| યોદ્ધાના અભિલાષ | *કલ્યાણજી વિ. મહેતા* | 42 |
| ડંકો વાગ્યો | *ફૂલચંદ શાહ* | 42 |
| ઘેરિયા ગીત | *ગોપાલજી પટેલ* | 43 |
| રણબંકડા | *જયંતીલાલ આચાર્ય* | 44 |
| દેશગીત | *મુકુન્દરાય પારાશર્ય* | 45 |
| વીર-હાક! | *અજ્ઞાત* | 46 |
| પંજાબના અત્યાચારો | *વામન સીતારામ મુકાદમ* | 47 |
| ચંદરોઝ | *હંસરાજ* | 47 |

| | | |
|---|---|---|
| જય હિન્દના ડંકા થયા | *જેઠાલાલ ત્રિવેદી* | 48 |
| તહીં આ શિર ઝૂકે છે | *કલ્યાણજી વિ. મહેતા* | 50 |
| સ્વતંત્રતા | *ચંદ્રવદન ચી. મહેતા* | 51 |
| સૈનિક બનીને આવો | *અજ્ઞાત* | 51 |
| આનંદ છે રે લોલ | *પંકજકાંત* | 52 |
| લઈશું સ્વરાજ્ય નિરધાર | *સવિતાલક્ષ્મી બૂચ* | 52 |
| હું તો વીરાંગના | *પંકજકાંત* | 53 |
| અમર આશા | *ચીમનલાલ પ્રા. ભટ્ટ* | 53 |
| ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી! | *કરસનદાસ માણેક* | 54 |
| આગે કદમ | *ઝવેરચંદ મેઘાણી* | 56 |
| છેલ્લી પ્રાર્થના | *ઝવેરચંદ મેઘાણી* | 57 |
| કોઈનો લાડકવાયો | *ઝવેરચંદ મેઘાણી* | 59 |
| મોતનાં કંકુ-ઘોળણ | *ઝવેરચંદ મેઘાણી* | 61 |
| વિદાય | *ઝવેરચંદ મેઘાણી* | 63 |
| કુચ્છ કરકે ઊઠેંગે | *કેશવ હ. શેઠ* | 64 |
| પ્રેમોન્મત્ત | *નગીનદાસ પુ. સંઘવી* | 65 |
| પ્રતિજ્ઞા | *અજ્ઞાત* | 65 |
| ધર્મભૂમિ ધરાસણાને | *રતુભાઈ દેસાઈ* | 66 |
| જય સરદાર | *કલ્યાણજી વિ. મહેતા* | 67 |
| રણગીત | *સુન્દરમ્* | 68 |
| રણે ચડો | *અજ્ઞાત* | 70 |
| ગુજરાતનું ગૌરવ | *બહેરામજી મલબારી* | 71 |

## આઝાદી

ગુલામી-યાતનાઓ છે હજી પણ યાદ, આઝાદી!
સબડતાં બે સદી પર્યંત થયાં બરબાદ, આઝાદી!

ગુલામી-ઘેનમાં પોઢેલ જાગી અસ્મિતા સૌની,
અમારા રોમરોમેથી ઊઠ્યો એક સાદ : 'આઝાદી!'

તને ચાહી અને ઝાંખી બધાયે હિન્દવાસીએ,
મળી મોંઘા શહીદોની શહીદી બાદ આઝાદી!

રતિલાલ 'અનિલ'

## આઝાદીની તમન્ના

યે શિર જાવે તો જાવે, પર આઝાદી ઘર આવે;
યે જાન ફના હો જાવે, પર આઝાદી ઘર આવે!
જો આગે કદમ ઉઠાયા, વો અબ નહીં હઠનેવાલા;
જો યકીન હમને પાયા, વો કભી નહીં કટનેવાલા!

યે નવજવાનોં કી સેના, અબ નહીં રુકનેવાલી;
જો ગર્દન ઊંચી ઉઠાઇ, નહિ જુલ્મ સે ઝુકનેવાલી!
હમ ખુને જિગર કે પ્યાલે, દુશ્મન કો પિલાનેવાલે;
હમ નહિ હૈ બુઝદિલ આદમ, હમ કહા સો કરનેવાલે!

અય સિતમ કે કરનેવાલે, ચલ બંદૂક જલ્દી ઉઠા લે;
હમ ખડે હૈં ઘર કે સીના, અય! ગોલી ચલાનેવાલે.
હમ મરેંગે લડતે લડતે, નહિ લડાઈ મરનેવાલી;
મયદાન ન હોગા ખાલી, જબ તક ન હો ખુશહાલી!

જયંતીલાલ આચાર્ય

# અમારો દેશ

અમે ભરતભૂમિના પુત્રો, અમ માત પુરાણ પવિત્ર,
રે જેનાં સુંદર સૂત્રો ઝળકાવે ઉચ્ચ ચરિત્ર;
અમ અંતરને ઉદ્દેશી કરશું હોકાર હંમેશ,
અમે હિંદી હિંદી હિંદી! ઓ દિવ્ય અમારો દેશ.

અંધાર વિષે અથડાતાં કે ફરતાં ભવ્ય પ્રકાશ,
પડતાં રડતાં રગડાતાં કે કરતાં હાસ્યવિલાસ;
પળ પળ અમ ઉરનિધિએ શી, હા ઊછળે ઊર્મિ અશેષ,
અમે હિંદી હિંદી હિંદી! ઓ દિવ્ય અમારો દેશ.

ક્યાં હશે હિમાલય જેવો, ક્યાં પુણ્ય પવિત્ર જ ગંગ,
ક્યાં મળે અલૌકિક એવા સહુ દેશતણા બહુ રંગ;
ક્યાં મુનિ ઈશ્વરજન બેસી કરતા પ્રભુપંથ ઉજેશ,
અમે હિંદી હિંદી હિંદી! ઓ દિવ્ય અમારો દેશ.

ક્યાં રામ-યુધિષ્ઠિર ઘૂમ્યા, ક્યાં ગર્જ્યા અર્જુન-ભીમ,
ક્યાં રજપુતવીર ઝઝૂમ્યા બળ દાખવવા અસીમ;
રે ભૂલીએ તે રીતે શી અમ અંતરથી લવલેશ,
અમે હિંદી હિંદી હિંદી! ઓ દિવ્ય અમારો દેશ.

નથી રે જીવવું પરઆશે, છે પારકી આશ નિરાશ,
નથી કર ધરવો કો પાસે, સ્વાશ્રયનો છે ઉલ્લાસ;
કંઈ પુણ્યપ્રભા જ પ્રવેશી અહીં દે અમને ઉપદેશ,
અમે હિંદી હિંદી હિંદી! ઓ દિવ્ય અમારો દેશ.

ધમ ધમ ધરણી ધ્રૂજવશું અમ દેશતણાં કરી ગાન,
જય જય જયનાદ કરીશું, દઈશું મોંઘા અમ પ્રાણ;

એ ભક્તિ વસી ઉર, તે શી દેજો શક્તિ પરમેશ,
અમે હિંદી હિંદી હિંદી! ઓ દિવ્ય અમારો દેશ.

**અરદેશર ખબરદાર**

## ગુજરાતનો યજ્ઞકુંડ

દુ:ખમાં શૂરા રે, ઓ ગુજરાતી વીરા!
આવો પૂરા રે, ખમવા દુ:ખના ચીરા;
કડકડ ફૂટે ક્રોડ કડાકા, પર્વત ફૂંકે ફાટે;
ઝળહળ જ્વાળા વ્યોમ જલાવે,
ઊભા રહો દૃઢ વાટે!

એ જ અલખની ધૂન અમારી,
મૂગે મુખે દુ:ખ સહેવું;
બેડીની જડ જડતાં અરિ પણ,
આખર રોશે એવું!

વાટે ઘાટે છાતી ફાટે,
થાય સ્મશાની દુનિયા;
નવલખ આંખે વ્યોમ રુવે પણ,
પાછું જુએ ન મરણિયા!

પાય પડ્યા વિનવ્યા,
કંઈ કંઈ શું હૃદયહીનને રટવું?
આજ પડ્યા રગડાવા રણમાં,
ના હઠવું, ના હઠવું!

**અરદેશર ખબરદાર**

## નિશાન ભૂમિ ભારતનું

નહિ નમશે, નહિ નમશે, નિશાન ભૂમિ ભારતનું!
ભારતની એ ધર્મધજાનું
સાચવશું સન્માન! નિશાન ભૂમિ ભારતનું.

ઐક્ય તણો એ અમરપટો છે,
મુક્તિનું વરદાન! નિશાન ભૂમિ ભારતનું.

ભારતમાના મંદિર પર એ
શાંતિનું એંધાણ ! નિશાન ભૂમિ ભારતનું.

નિર્ભયતાની નોબત છે એ,
પ્રેમ તણું શુભ ગાન! નિશાન ભૂમિ ભારતનું.

એની ટેક નિભાવવા કાજે,
તન મન ધન કુરબાન! નિશાન ભૂમિ ભારતનું.

**ત્રિભુવન ગૌ. વ્યાસ**

## ગુલામીની બેડી

બેડી ગુલામીની તોડશું રે, અમે બેડી ગુલામીની તોડશું રે.
અજ્ઞાનમાં બહુ વેઠી ગુલામી, જ્ઞાનની સંઘાતે પ્રીત જોડશું રે. – અમે૦
બીકણ બની બહુ વેઠી ગુલામી, નિર્ભયતા સાથ પ્રીત જોડશું રે. – અમે૦
દારૂ જુગારથી વેઠી ગુલામી, દારૂ જુગાર અમે છોડશું રે. – અમે૦
ઝઘડા કરી બહુ વેઠી ગુલામી, સંપની સંઘાતે પ્રીત જોડશું રે. – અમે૦
એલફેલમાં બહુ વેઠી ગુલામી, સાદાઇ સાથ પ્રીત જોડશું રે. – અમે૦
પરદેશી વસ્ત્રો લાવ્યાં ગુલામી, ખાદી સંઘાતે પ્રીત જોડશું રે. – અમે૦
સ્વરાજ્ય કાજે માથું મેલીને, બેડી ગુલામીની તોડશું રે. – અમે૦

**ફૂલચંદ શાહ**

## ના હઠવું, ના હઠવું !

ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું;
વહેણ ક્હાડ્યું કે ના લટવું, ના લટવું.

સમજીને તો પગલું મૂકવું, મૂકીને ના બ્હીવું;
જવાય જો નહિ આગળ તોયે, ફરી ના પાછું લેવું.

જ્યાં ઊભા ત્યાં ચોંટી રહીને વચન લેવું સબળું;
આભ પડો કે ધરતી ફાટો, તોયે ન કરીએ નબળું.

ફતેહ કરીને આગળ વધશું, અથવા અહિયાં મરશું;
પણ લીધેલું તે પાળીશું, દિલ વજ્જરનું કરશું.

**નર્મદાશંકર દવે 'નર્મદ'**

## ભરતભૂમિનાં બાળ

અમે તો ભરતભૂમિનાં બાળ,
અમોને કેવળ એ પર વહાલ.

સ્વર્ગ સમી પરભૂમિ સુંદર ભલે રસમાં રમનાર,
અમ અંતરમાં એને તેજે પળભર નહિ ચમકાર.

રંક ભલે રહી માત અમારી, તદપિ તે અમ પ્રાણ,
હૈયાં ગેલ સલૂણાં ગાતી, શીખવી ઉન્નત ગાન.

અવર ભૂમિની ભૂરકીમાં નહિ ભરત અમે ભૂલનાર,
પરમાતાનાં લાડ લૂખેરાં, તે શું દુખ દળનાર!

**ચંદુલાલ દેસાઈ**

## ભારતમાતાનાં બાળકો

બાળકો બાળકો બાળકો રે,
અમે ભારતમાતાનાં બાળકો.

બાપા જો ખાદી પહેરે નહિ તો,
એની સાથે નહિ બેસીએ રે.

માડી જો ખાદી પહેરે નહિ તો,
એની સાથે નહિ બોલીએ રે.


ગોઠિયા જો ખાદી પહેરે નહિ તો,
એની સાથે નહિ રમીએ રે.

બાળકો બાળકો બાળકો રે,
અમે ભારતમાતાનાં બાળકો.

ગિજુભાઈ બધેકા

## અમે ગાંધી-વલ્લભનાં વાંદરાં

વાંદરાં વાંદરાં વાંદરાં રે,
અમે ગાંધી-વલ્લભનાં વાંદરાં!
ગોરાં ને કાળાં, નાનાં ને મોટાં,
એક જ માતાની કૂખનાં રે.
કાણાં ને કૂબડાં, લૂલાં ને લંગડાં,
ભારતમાતાનાં ખોટનાં રે.
હિંદુ ને પારસી, મુસ્લિમ ને ખ્રિસ્તી,
ભારતમાતાનાં પોરિયાં રે.



ઢેડ ને ભંગી, ચમાર ને વાઘરી,
એક જ માતાના દૂધનાં રે.
ભારતમાતાને દુઃખે દુભાઈ,
આવી ઊભાં અહીં બંકડાં રે.

ગિજુભાઈ બધેકા

# આવો આવો

આવો, આવો.
ભારતમા બોલાવે આવો,
'હિંદોસ્તાં' બોલાવે આવો.

આવો, આવો.
અંગ, બંગ કલિંગણ આવો,
તામિલ ને તેલંગણ આવો,
મારુ મહારઠ મેરઠ આવો,
સપ્ત સિંધુ ને સોરઠ આવો,
નાગદેશ ને વરાડ આવો,
કન્નડ, કેરળ, કરાડ આવો.

જુઓ, જુઓ.
અંતર-આંખ ઉઘાડી જુઓ,
જનમભોમની માટી તેડે,
ઝાડો તેડે, પહાડો તેડે,
વનવગડાની વાડી તેડે,
સાયર તેડે, સરવર તેડે,
કૂવા વાવ તળાવો તેડે,
ગંગા જમનાનાં જળ તેડે,
કૃષ્ણા ને કાવેરી તેડે.

તરસ્યાં આવો, તરપત આવો,
ભૂખ્યાં આવો, ભરપટ આવો,
કાવડિયા કાવડ લઈ આવો,
ઘડૂલા ને ગાગર લઈ આવો,

શિરાઇ લાવો, છાલું લાવો,
કમંડલું ને પ્યાલું લાવો,
ઇશ્કેવતન પીવાને આવો,
દેશપ્રેમથી ન્હાવા આવો.

જુઓ, જુઓ.
ધરમ ધરમના ધરમી જુઓ,
સૂફી મોલવી મર્મી જુઓ,
'હિંદોસ્તાં' ઇબાદતખાના,
છે દેવળ એ, છે દેરાસર,
ગુરુદ્વારા ને અગિયારી ઘર,
મંદિર એ છે, મસ્જિદ એ છે;
ઇબાદતખાનું સૌનું છે,
એ ઇબાદતખાને આવો.

'પ્રબુદ્ધ'

## વાનરસેના નહિ ડરશે

વાનરસેના નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
કોઈનાથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
સિંહવાઘથી નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
ભૂતપલીતથી નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
સિપાઈથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
લાઠીથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
કોઈનાથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.

ગિજુભાઈ બધેકા

# વાનર-ગીત

મોટા વાનર : વગર પૂંછડિયા વાનરભાઈઓ!
નાના વાનર : હૂપ હૂપ હૂપ રે હૂપ !
મોટા : લડવા ચાલો !
નાના : ચાલો લડવા, હૂપ હૂપ.
મોટા : કમ્મર બાંધો!
નાના : કમ્મર બાંધી, હૂપ હૂપ!
મોટા : છાતી કાઢો!
નાના : છાતી કાઢી, હૂપ હૂપ!
મોટા : કદમ મિલાઓ, એક દો, એક દો!
નાના : એક દો, હૂપ હૂપ!
મોટા : રાવણ જેવા, રાક્ષસ જેવા,
ભારે બળિયા, ગોરા સાથે
લડાઈ ખેલો!
નાના : લડાઈ ખેલો, હૂપ હૂપ!
મોટા : સીતા સરખી, આપણ સૌની,
ભારતમાને લૂંટી ચાલ્યા
— ચાલો ભૈયા!
નાના : ચાલો ભૈયા, હૂપ હૂપ!
મોટા : ગાંધીબાપુ ભારત કાજે, ફકીર થઈને હાકલ પાડે,
ઊઠો જાગો નિદ્રા ત્યાગો, ચાલો સૌએ રણમેદાને!

નાના : રણમેદાને, હૂપ હૂપ!

મોટા : સંદેશો સૌને પહોંચાડો, દેશી પહેરો દેશી ઓઢો,
પરદેશીને ઝેર પ્રમાણો, ભારતની જંજીરો તોડો, ભારતવાસી!

નાના : ભારતવાસી, હૂપ હૂપ!

મોટા : વીર વાનરો, રણમેદાને લાઠી પડશે, ઘોડા ફરશે,
વિમાનમાંથી બોમ્બ ધડૂકશે, ત્યારે કહેજો પ્રચંડ સાદે :
આવી જાઓ!

નાના : આવી જાઓ, હૂપ હૂપ!

મોટા : સનનન કરતી ગોળી છૂટે, ધનનન કરતા ગોળા છૂટે,
સંકટના હિમાલય તૂટે, ધૂન મચવજો હસતે મુખડે :
જય હિન્દુસ્તાં!

નાના : જય હિન્દુસ્તાં, હૂપ હૂપ!

મોટા : નાચો ભૈયા કૂદો ભૈયા, સ્વરાજ-સબરસ લૂંટો ભૈયા,
ભારતની આઝાદી કેરાં, ગીત મધુરાં ગાઓ ભૈયા :
જય ભારત કી!

નાના : જય ભારત કી, હૂપ હૂપ!

મોટા : સફેદ લીલો કેસર-રંગો, મુક્તિના અવતાર સરીખો,
હિન્દી જનમનમોહન પ્યારો, ફરફર ફરતો ઝંડો મારો,
જુગ જુગ જીવો!

નાના : જુગ જુગ જીવો, હૂપ હૂપ!

મોટા : વગર પૂંછડિયા વાનરભાઈઓ!

નાના : હૂપ હૂપ હૂપ રે હૂપ!

**ચીમનલાલ પ્રા. ભટ્ટ**

## વાનરસેના, વાનરસેના!

આગળ પગલે ચાલે કોણ? વાનરસેના, વાનરસેના!
રાષ્ટ્રવાવટો ઝાલે કોણ? વાનરસેના, વાનરસેના!
ગુડગુડ ડંકા બજાવે કોણ? વાનરસેના, વાનરસેના!
નીલ નિશાની ફીરકે કોણ? વાનરસેના, વાનરસેના!
ધમધમ પગલે ચાલે કોણ? વાનરસેના, વાનરસેના!
છાતી કાઢી હીંડે કોણ? વાનરસેના, વાનરસેના!
ધ્વજને ઊંચે રાખે કોણ? વાનરસેના, વાનરસેના!
ધ્વજની પાછળ પડશે કોણ? વાનરસેના, વાનરસેના!
સ્વરાજ બિંગલ ફૂંકે કોણ? વાનરસેના, વાનરસેના!
સૌની ઊંઘ ઉડાડે કોણ? વાનરસેના, વાનરસેના!
આગળ પગલે ચાલે કોણ? વાનરસેના, વાનરસેના!
રાષ્ટ્રવાવટો ઝાલે કોણ? વાનરસેના, વાનરસેના!

જુગતરામ દવે

## મુક્તિગાન

ઊભી અભેદ્ય દૂર દૂર સુધી ઊંચેરી
કાળા કરુણ ઇતિહાસ અનેક વ્હેતી;
રાતી, છતાં ઉર નિઠૂર અતિ બનેલી
ઊભી દીવાલ ચહુ દિશ તુરંગ કેરી!

વ્હેતા સદા મનુજ ઉરતણા નિસાસ,
આંખો ઊંડી, મુખ પરે નહિ એક હાસ
ઊભા સિપાઇ યમદૂત સમા નમેરા;
ઊભા નજીક દિનરાત ભરંત પ્હેરા!

વર્ષોથકી સહી સહી પ્રિય વિપ્રયોગ,
ખોઈ દયા, હૃદય કોમલતા પ્રયોગ :
હાથે ગ્રહી ભયપ્રદર્શક કાષ્ઠદંડ,
ખૂની ઘૂમે અહીં તહીં અતિ ક્રુદ્ધ ચંડ!

આવી પડ્યા રણશૂરા સહુ સૈનિકો : ને,
મૃત્યુ-વિમુખ દરકાર ન કાંઈ કોને :
આવ્યો છ હુંય બની બંદી લડાઈ કેરો,
આવી વસું સહુ મહીં ભૂમિભક્તિપ્રેર્યો.

છોને પૂરે કઠિન કાળ તુરંગમાંહી,
છોને દમે : જીવન, જાન જતાં જ આંહીં.
સ્હેતાં વિયોગ સહુનો : દઢ ધૈર્ય ઉરે
જાલિમને જીતી જશું અમ સ્નેહપૂરે.

છોને પડ્યાં શરીર બંધનમાં અમારાં,
બંધાય નાહીં અમ આત્મબલો જ ન્યારાં :
તે તો અનંત દૂર દૂર ઊડંત વ્યોમે,
રોકાય તેમ ઊડશે જ પ્રચંડ જોમે!

શકે છેદી નહીં શસ્ત્રો, અગ્નિથી એ નહીં બળે :
પાણી એને ભીંજાવે ના, વાયુ ના સૂકવી શકે.
ગાતો ગીતો પરમ મુક્તિતણાં હિમાદ્રિ
ઊભો અનંત યુગથી સ્થિર ધૈર્યમાન.

પીધાં શિશુવયમહીં પયપાન એનાં;
ગાશું સદા નૂતન ગીત સ્વતંત્રતાનાં.

રતુભાઈ દેસાઈ

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No.
Date
SIMLA

## એવા ગાંધી ગૂજરાતે ઊતર્યા રે!

એવા ગાંધી ગૂજરાતે ઊતર્યા રે!

એનું સૂકું શરીર જાણે લાકડી રે,
માંહે જોરાવર છે જીવ.

એણે ઘેર ઘેર રેંટિયા મોકલ્યા રે,
લેવા સૂતરને તાંતણે સ્વરાજ્ય.

એણે સાદાઈ શીખવી દેશને રે,
દારૂ-તાડી કરાવ્યાં દૂર.

એનો મોંઘો આદેશ લોકો ઝીલતા રે,
બોલી ભારતનો જયજયકાર.

ગિરીશ

## બાપુનું વેણ

બાપુનું વેણ મને વહાલું,
હો હિંદીઓ! બાપુનું વેણ મને વહાલું.
માગે તો પ્રાણ એને આલું,
હો હિંદીઓ! બાપુનું વેણ મને વહાલું.

આપ્યો અહિંસાનો મંત્ર મને બાપુએ,
મરતાં એ નહિ રે વિસારું,
હો હિંદીઓ! બાપુનું વેણ મને વહાલું.

દીધું છે શસ્ત્ર બહિષ્કાર તણું એમણે,
સજશું એ શસ્ત્ર રૂપાળું,
હો હિંદીઓ! બાપુનું વેણ મને વહાલું.



આપ્યું સ્વતંત્રતાનું યંત્ર મને સંતે,
નહિ રે એ રેંટિયો વિસારું,
હો હિંદીઓ! બાપુનું વેણ મને વહાલું.

પંકજકાંત

# સ્વરાજ્ય લઈ વહેલા આવજો!

[રાગ : મલ્હારરાવનો રાસડો]

ધોળી ટોપી ને સાધુનો વેશ રે ગાંધીરાજ!
        સ્વરાજ્ય લઈ વહેલા આવજો રે.

તપ આત્માનાં સેવાથી સાધિયાં રે,
સેવી દેશને કાજે જેલ, ગાંધીરાજ!
        સ્વરાજ્ય લઈ વહેલા આવજો રે.

'નવજીવન'-રસ રેલાવિયો રે,
શીખવ્યા સ્વતંત્રતાના પાઠ, ગાંધીરાજ!
        સ્વરાજ્ય લઈ વહેલા આવજો રે.

મોહ પરદેશીનો તજાવિયો રે,
ભાંગ્યો ઠેર ઠેર ફેશનનો ઠાઠ, ગાંધીરાજ!
        સ્વરાજ્ય લઈ વહેલા આવજો રે.

સુંદર તારો સૂતરના કઢાવિયા રે,
કીધો રેંટિયા તણો ઉદ્ધાર, ગાંધીરાજ!
        સ્વરાજ્ય લઈ વહેલા આવજો રે.

દિવ્ય મંત્ર અસહકારનો ફૂંકિયો રે,
સત્ય-અહિંસાનું આપ્યું જ્ઞાન, ગાંધીરાજ!
        સ્વરાજ્ય લઈ વહેલા આવજો રે.

સ્નેહધર્મના પાઠો પઢાવિયા રે,
સાધ્યું હિંદુમુસ્લિમ ઐક્ય, ગાંધીરાજ!
        સ્વરાજ્ય લઈ વહેલા આવજો રે.

દીધી તાલીમ મરવાની દેશને રે,
સીધો દર્શાવ્યો ઉન્નતિ માર્ગ, ગાંધીરાજ!
        સ્વરાજ્ય લઈ વહેલા આવજો રે.

**ચતુરલાલ પંડ્યા**

## વીરહાક વાગે છે

વાગે છે રે વાગે છે, મારા બાપુની વીરહાક વાગે છે;
ડોલે છે રે ડોલે છે, જુલમી રાજનાં રાજપાટ ડોલે છે.
જાલિમના જુલમો અને હાકેમની બેડીઓ,
એક્કેક તડાકે તૂટે છે.
પટલાઈનાં પોથાં ને નોકરીનાં થોથાં
લોકો ફડાફડ ફેંકે છે.
સરકારી શાળાનાં ભણતર ભૂલીને
જંગે જુવાનિયા ઝૂકે છે.
કાયરતા કાઢી ને વીરતા વહોરી
શૂરા સંગ્રામમાં ઝૂઝે છે.

**નર્મદાશંકર પંડ્યા**

## મારું વતન

મારું વતન આ મારું વતન હાં,
વહાલું વહાલું મને મારું વતન!
જેની માટીની મારી કાયા ઘડેલી,
તેને કરું હું કોટી કોટી નમન હાં.
રાણા પ્રતાપ ને શિવાજી શૂરવીર,
મારા વતનનાં મોઘાં રતન હાં.
વહાલા વતનની બેડીને તોડવા
હોંશે ઓવારું હું તન મન ધન હાં.

**ચીમનલાલ પ્રા. ભટ્ટ**

# છેલ્લો કટોરો

[ગોળમેજી પરિષદમાં જતી વેળા ગાંધીજીને]

છેલ્લો કટોરો ઝેરનો આ : પી જજો, બાપુ!
સાગર પીનારા! અંજલિ નવ ઢોળજો, બાપુ!

અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું :
ધૂર્તો-દગલબાજો થકી પડિયું પનારું :
શત્રુ તણે ખોળે ઢળી, સુખથી સૂનારું :
આ આખરી ઓશીકડે શિર સોંપવું, બાપુ!
કાપે ભલે ગર્દન! રિપુ-મન માપવું, બાપુ!

સુર-અસુરના આ નવયુગી ઉદધિ-વલોણે,
શી છે ગતાગમ રત્નના કામી જનોને?
તું વિના, શંભુ! કોણ પીશે ઝેર દોણે!
હૈયા લગી ગળવા ગરલ ઝટ જાઓ રે, બાપુ!
ઓ સૌમ્ય-રૌદ્ર! કરાલ-કોમલ! જાઓ રે, બાપુ!

કહેશે જગત : જોગી તણા શું જોગ ખૂટ્યા?
દરિયા ગયા શોષાઈ? શું ઘન-નીર ખૂટ્યાં!
શું આભ સૂરજ-ચંદ્રમાનાં તેલ ખૂટ્યાં?
દેખી અમારાં દુઃખ નવ અટકી જજો, બાપુ!
સહિયું ઘણું, સહીશું વધુ : નવ થડકજો, બાપુ!

ચાબુક, જપ્તી, દંડ, ડંડા મારના,
જીવતાં કબ્રસ્તાન કારાગારનાં,
થોડાઘણા છંટકાવ ગોળીબારના –

એ તો બધાંય જરી ગયાં, કોઠે પડ્યાં, બાપુ!
ફૂલ સમાં અમ હૈડાં તમે  લોઢે ઘડ્યાં, બાપુ!

શું થયું – ત્યાંથી ઢીંગલું લાવો-ન લાવો!
બોસા દઈશું – ભલે ખાલી હાથ આવો!
રોપશું તારે કંઠ રસબસતી ભુજાઓ!
દુનિયા તણે મોંયે જરી જઈ આવજો, બાપુ!
હમદર્દીના સંદેશડા દઈ આવજો, બાપુ!

જગ મારશે મેં'ણાં : ન આવ્યો આત્મજ્ઞાની!
ના'વ્યો ગુમાની – પોલ પોતાની પિછાની!
જગપ્રેમી જોયો! દાઝ દુનિયાની ન જાણી!
આજાર માનવ-જાત આકુલ થઈ રહી, બાપુ!
તારી તબીબી કાજ એ તલખી રહી, બાપુ!

જા, બાપ! માતા આખલાને નાથવાને,
જા વિશ્વહત્યા ઉપરે જળ છાંટવાને,
જા સાત સાગર પાર સેતુ બાંધવાને –

ઘનઘોર વનની વાટને અજવાળતો, બાપુ!
વિકરાળ કેસરિયાળને પંપાળતો, બાપુ!
ચાલ્યો જજે! તુજ ભોમિયો ભગવાન છે, બાપુ!
છેલ્લો કટોરો ઝેરનો પી આવજે, બાપુ!

**ઝવેરચંદ મેઘાણી**

## માતા! તારો બેટડો આવે

['શિવાજીનું હાલરડું'નો ઢાળ]

માતા! તારો બેટડો આવે :
આશાહીન એકલો આવે.
જો જો ! મારો બેટડો આવે :
સંદેશાઓ ખેપિયા લાવે.

જ્વાળામુખી એને કાળજે રે, એની આંખમાં અમૃતધાર –
એવો કોઈ માનવી આવે :
ભેળાં કાળ-નોતરાં લાવે.

માનતાં'તા કૂડા માનવી રે એને ફોસલાવી લેવો સે'લ!
પારધીનાં પિંજરાં ખાલી :
હંસો મારો નીકળ્યો હાલી.

ઘોર અંધારી એ રાતમાં રે બીજાં બાળ ઘોરાણાં તમામ
આઠે પો'ર જાગતી આંખે
બેઠો તું તો દીવડે ઝાંખે.

રોમે રોમે તારે દાંત ભીંસી ઝેરી કરડ્યા કાળુડા નાગ;
ડંખે ડંખે દૂધની ધારા
રેલી તારા દેહથી, પ્યારા!

કૂડ પીધાં, હીણમાન પીધાં, પીધાં ઘોળી દગાવાળાં દૂધ;
કડકડતાં તેલ તેં પીધાં
ગાળી ગાળી લોહ પણ પીધાં.

ગોપવીને છાના ઘાવ કલેજાના રાખજે ખૂબ ખામોશ!
વાવાઝોડાં કાળનાં વાશે,
તે દી તારી વાટ જોવાશે.

કંપશે સાત પાતાળ, આભે જાતા ઝીંકશે સાયર લોઢ;
ખંડે ખંડે બોળશે લાવા :
ભૂકમ્પોના ગાજશે પાવા.
'ધાઓ ધાઓ, ધેનુપાળ!' તેવા તે દી ઊઠશે હાહાકાર;
શાદૂળા ને સાંઢ માતેલા
ઢૂંગે ઢૂંગે ભાગશે ભેળા.
ભાઈ વિદેશીડા! વીનવું રે - એને રોકશો મા ઝાઝી વાર;
બેઠી હું તો દીવડો બાળું :
ક્યારે એના ગાલ પંપાળું!
તારી કમાઇ-ગુમાઇનો મારે માગવો નો'ય હિસાબ;
બેટા! તારી ખાકની ઝોળી
માતા કેરે મન અમોલી.

ઝવેરચંદ મેઘાણી

(૧૯૩૧. ગાંધીજી હતાશ હૈયે ગોળમેજીમાંથી વળતા હતા તે અરસામાં રચાયેલું.)

## હિઝરતે

જોધે ચડ્યાં વીર, જોબન ઊભર્યાં, પાછાં ફર્યાં: કહીં સાંભળ્યું દીઠું?
ધરા ધ્રુજાવતા દિશા ડોલાવતા ભોંઠા પડ્યા: કહીં સાંભળ્યું દીઠું?
ફાટતાં હૈયાં ફાટફાટ માયાં છાબડીમાં: કંઈ ભાળ્યાં સમાતાં?
તેત્રીસ ક્રોડની આંખનો આતશ સ્હેજે શમ્યો: કહીં સાંભળ્યું દીઠું?
ખાલી થશું કે ખૂટી જઈશું, ગામડે ગામડાં ઊભાં બળશું,
માટી મટીને પથ્થર બનીશું, બળતા દેશની ખાખે મળીશું.

પ્રીતમલાલ મજમુદાર

## કેસરિયો વર

ગોરમાનો વર કેસરિયો, સ્વરાજ લેવા જાય રે ગોરમા!
હાથમાં પૂણી ને તકલી, કાંતતો કાંતતો જાય રે ગોરમા!
પહેરે છે જાડી ખાદી, ઊજળો ઊજળો જાય રે ગોરમા!
ઉઘાડા પગથી કાંકરા ખૂંદતો ખૂંદતો જાય રે ગોરમા!
જુલ્મી સરકારના કાયદા તોડતો તોડતો જાય રે ગોરમા!
એક જ ધૂન સ્વરાજની જપતો જપતો જાય રે ગોરમા!
ગોરમાનો વર કેસરિયો, સ્વરાજ લેવા જાય રે ગોરમા!

**જ્યોત્સ્ના શુક્લ**

## ધર્મને ધીંગાણે

[ઢાળ : જીવડો ઉદાસી થયો રે રાણાજી, આજ મારો]

આતમો ઉદાસી થયો,
સંતોનો સરદાર રે... લડે છે રણમાં સંતોનો સરદાર.
ચરખાનો ચલાવણહાર રે – લડે છે૦

નેણમાં અમીરસ, વેણમાં વશીકર...
એને માથડે મેરુ સરખા ભાર રે – લડે છે૦

રુદિયો રુવે ને બાપુ હસતો લડે છે...
એ તો હઈડાં દોખઈનાં હરનાર રે – લડે છે૦

સતના ધીંગાણાનો, સૌને શીખવિયો
કાંઈ પ્રેમ તણો પડકાર રે – લડે છે૦


રેંટીડાનો રણુંકાર, રણભેરી વાગે
એને તાંતણા તણી તલવાર રે – લડે છે૦

**દુલા 'કાગ'**

# રેંટિયે લેજો હરિનું નામ

રેંટિયે લેજો હરિનું નામ, રેંટિયો દીન તણો દાતાર.
રેંટિયો ભૂખ્યાનો ભંડાર, રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો અન્નજળનો દેનાર, રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો વસ્તરનો પૂરનાર, રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો દળદરનો હરનાર, રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો આંગણનો શણગાર, રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો ગરીબડાંની ગાય, રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયે ગરવાં ગુણિયલ થાય, રેંટિયે લેજો હરિનું નામ.

રમણલાલ સોની



## સ્વરાજ લેવું સ્હેલ છે

પરદેશી કાપડ છોડો ને સુંદર ખાદી પહેરો,
મારી બહેનો, સ્વરાજ લેવું સ્હેલ છે.
ખાદીની ધૂન લગાવો, રેંટિયા શું પ્રીતિ બાંધો. – મારી બહેનો૦
ખાદી-તાકા લઈ ફરજો, સૌને તમ જેવા કરજો. – મારી બહેનો૦
વણનારો તાણો વાણો, અંત્યજને બંધુ જાણો. – મારી બહેનો૦

**અજ્ઞાત**

## પૂર્ણ સ્વરાજ

સાગરની છોળોમાં આજે,
ધોમ ધખેલી ધરતી-આરે,
વનવગડા ને ડુંગરધારે
ગાજે ગેબી એક અવાજ
પૂર્ણ સ્વરાજ! પૂર્ણ સ્વરાજ!

આવે આવે મરદો આવે,
ખેતર છોડી ખેડૂત આવે,
શાળો છોડી વણકર આવે,
એરણ છોડી લુહાર આવે,
આવે આખો વીર સમાજ!
પૂર્ણ સ્વરાજ! પૂર્ણ સ્વરાજ!

એક પડે ત્યાં લાખ ધસે છે,
કેદો દેખી મર્દ હસે છે,
બંદૂક દેખી છાતી ધરે છે,
ખાખ બને છે પાપી રાજ!
પૂર્ણ સ્વરાજ! પૂર્ણ સ્વરાજ!

**'સ્નેહરશ્મિ'**

# ખાદી પહેરંતો મારો છે ભાઈ !

મારો છે ભાઈ, મારો છે ભાઈ,
ખાદી પહેરંતો મારો છે ભાઈ!
મારો છે ભાઈ, મારો છે ભાઈ,
વાનરસેનામાં મારો છે ભાઈ!
મારો છે ભાઈ, મારો છે ભાઈ,
પ્રભાતફેરીએ મારો છે ભાઈ!
મારો છે ભાઈ, મારો છે ભાઈ,
સ્વરાજ્ય માટે લડતો મારો છે ભાઈ!
મારી છે બહેન, મારી છે બહેન,
દુખિયાં માટે રડતી મારી છે બહેન!
મારો છે ભાઈ, મારો છે ભાઈ,
જેલોના મહેલમાં મારો છે ભાઈ!
મારી છે બહેન, મારી છે બહેન,
ઘાયલની સારવારે મારી છે બહેન!
મારો છે ભાઈ, મારો છે ભાઈ,
લાઠીનો ઝીલનારો મારો છે ભાઈ!
મારી છે બહેન, મારી છે બહેન,
ખમ્માની રાખડી બાંધે છે બહેન!
મારો છે ભાઈ, મારો છે ભાઈ,
કુળદીપામણો મારો છે ભાઈ!
મારી છે બહેન, મારી છે બહેન,
માતાસોહામણી મારી છે બહેન!

ગિજુભાઈ બધેકા

## તમારા દેશને માટે

ભગિની-બંધુઓ ઊઠો, તમારા દેશને માટે;
સજો સત્યાગ્રહી વાઘા તમારા દેશને માટે.

ઝઝૂમ્યાં વાદળાં દુઃખનાં તમારા દેશ ઉપરનાં;
વિખેરો હિંમતે સઘળાં તમારા દેશને માટે.

મુસલ્માં-હિંદુ પુકારે, ખરા અંગ્રેજ છે સાથે;
બધાયે ન્યાયને ચાહે, તમારા દેશને માટે.

સૂતેલા જાગજો સિંહો, મરેલા ઊઠજો મર્દો;
પકડજો સત્યનાં શસ્ત્રો, તમારા દેશને માટે.

**કલ્યાણજી વિ. મહેતા**

## – તમારી આત્મશ્રદ્ધા તો!

દીવાલો દૂર્ગની ફાટે તમારા કેદખાનાની;
તૂટે જંજીર લોખંડી - તમારી આત્મશ્રદ્ધા તો!

તમારા માર્ગમાં ઊભા પહાડો યે ખસી જાશે;
બિયાબાં માર્ગ દઈ દેશે - તમારી આત્મશ્રદ્ધા તો!

ઊતરવા સાત સાગર જો તમારા પત્થરો તરશે;
વિના નૌકા સફર થાશે - તમારી આત્મશ્રદ્ધા તો!

જવું આકાશમાં ધારો, ન વાયુ-યાન પાસે છો;
વિના પાંખે ઊડી જાશો - તમારી આત્મશ્રદ્ધા તો!

**કલ્યાણજી વિ. મહેતા**

## સત્યાગ્રહી ચેલા

અમે ગાંધી ગુરુજીના છીએ સત્યાગ્રહી ચેલા;
લીધી તે ટેક સાચવવા ફના થાવા અમે ઘેલા.

દીધો છે મંત્ર ગાંધીએ, સહીને જીવવું મરવું;
સહીને દુઃખથી તરવું, ન દુઃખોથી કદી ડરવું.

ન કે'વું હાજી હા કદીયે, વસ્યું હૈયે યદિ બીજું;
ભલે શિર જાય તો યે શું? અમારે સાચ ઉચરવું.

ભલે જંજીરથી જકડે, વતન છો ખાલસા મૂકે;
જુલમ-અપમાનની ઝડીઓ મુશળધારે ભલે છૂટે.

તપાવે યા ડુબાડે, કે અમોને ભઠ્ઠીમાં બાળે;
અમારે જીવવું મરવું, ગુરુ ગાંધીજીની સાથે.

**કલ્યાણજી વિ. મહેતા**

## હિંદના બંદા

અમે તો હિંદના બંદા, ઉઠાવ્યા સત્યના ઝંડા;
જુલમ-અન્યાયની સામાં, અમારાં શિર છે ઊંચાં.
સિતમ છો આભથી વરસે, ભલે ખંજર હૃદય ચીરે;
ખવાબી ખલ્કની પરવા તજી પ્યારા વતન માટે!

મરીશું સત્યથી લડતાં, ઉઘાડાં દ્વાર જન્નતનાં;
કદી કારાગ્રહે મરશું રિબાઇ તો ય શી પરવા?
અમારી ભસ્મથી ઊઠશે, વીરોની ફોજની ફોજો;
રુધિરના બુંદ બુંદેથી, પ્રકટશે સત્યશૂર તનુજો!

અમારા ઉગ્ર તપ-તાપે પીગળશે પથ્થરો કાળા;
હૃદયસર પ્રેમધારાથી બૂઝવશું જગતની જ્વાળા.


**કલ્યાણજી વિ. મહેતા**



# ત્રિરંગી ઝંડો

દુ:ખનો જવાબ લઈને, ભૂખનો જવાબ લઈને,
પરતંત્રતા-તિમિરમાં એક આફતાબ લઈને;
આઝાદી-નાદ લઈને, લઈને નવીન આશા,
આવ્યો ત્રિરંગી ઝંડો એક ઈન્કિલાબ લઈને!

રતિલાલ 'અનિલ'



## ભારતનો ઝંડો.

અહીં કોણ ડરાવે આજે? અમે છઈએ ભારતવીર :
છો ગગન ધડાકે ગાજે, કે આભ પડે અમ શિર!
નવ હઠીએ કદી કો કાજે, છો વરસે બંદૂક-તીર :
જય કરશું એક અવાજે અમ ભારતધ્વજની ધીર!

નથી રે કો'ના જીવ લેવા, નથી રે કરવાં કો' ખૂન;
નથી દંડ અવરને દેવા, નથી ભરવું ધર્મઝનૂન;
નવ ડરીએ દુખ-ઘા સહેવા, નવ રહીએ સત્યે ન્યૂન :
ઉરટેક અહિંસા, સેવા છે ભારતધ્વજની ધૂન!

નથી હિન્દુ-મુસલમાન ધ્યાં કો' નથી આમ અને નથી ખાસ;
નથી નર-નારીનો આંકો, નથી રંક-ધનીનો ભાસ :

છે એક જ હિન્દી પાકો, છે એક જ અંતર શ્વાસ,
જયાં ફરફરી રહે એ બાંકો, ભારતઝંડો આકાશ!

અરદેશર ખબરદાર

## અમર ઈતિહાસે

ભમો ઝંઝાવાતો,
ખમો વજ્રાઘાતો, હૃદય પળ ના દુર્બળ કરો;
તમારા માર્ગમાં અધિક બળિયું પૌરુષ ભરો;
નખશિખ નિરાશા પરહરો.

ઊગેલાં સ્વપ્નોનું,
અધૂરા યત્નોનું જતન કરવા જાગ્રત રહો,
નવા સંસ્કારોનું મધુર ગરવું ઓજસ વહો;
પરમ પ્રભુ-આદેશ ઊચરો.

મહા હેતુ માટે,
મહા સિદ્ધિ માટે અડગ દિલથી અંત મથવું;
ગ્રહીને સંજોગો જગ સકળને શોધી વળવું;
અખૂટ ઊલટે લક્ષ્ય રળવું.

ઊંડા આર્તનાદે,
ઊંચા આશાવાદે યુવકજન હો! રાષ્ટ્ર રચવું,
પુરાતા પાયાના ચણતર મહીં પથ્થર થવું;
અમર ઈતિહાસે ભળી જવું.

દેશળજી પરમાર

## સાચના સિપાઈ

અમે સાચના સિપાઈ; અમે સાચના સિપાઈ;
સાચ અમારી તરવારે ને સાચની બાંધી સવાઈ;
અમે સાચના સિપાઈ.

સાચ અમારા લડવૈયા, તે લડશે સાચ લડાઈ;
સુણો! અમારાં બ્યૂગલ વાગે, સાચની હાક છવાઈ;
અમે સાચના સિપાઈ.

જુઓ, અમારી ધજા ફરફરે, સાચની લહેરો વાઈ;
જામે સાચનું લશ્કર સઘળે, આવો તમેય ભાઈ!
અમે સાચના સિપાઈ.

**ન્હાનાલાલ કવિ**

## શૂરવીર આવજો

શૂરવીર આવજો રે હો રણમાં,
ઉત્સાહ ચેતન ભરજો તનમાં. – શૂરવીર૦
ગજ ગજ કૂદજો રે હો કોડે,
બલિદાન દેજો જાતના જોરે. – શૂરવીર૦
કરજો કેસરિયાં રે હો હરખે,
પ્રભુ છે ઊભા પોતે પડખે. – શૂરવીર૦
અવસર આવ્યો રે હો તરવા,
નિશ્ચય કરજો જીતવા કે મરવા. – શૂરવીર૦
ઝંડો સતનો હો ફરકાવો,
શાન્તિ પાળો, સ્વરાજ ઘેર લાવો. – શૂરવીર૦

**જીવણસિંહ ગામીત**

# ગોરો

એક બાળક : છોકરાંઓ રે!
બધાં બાળક : હો.... રે!
એક બાળક : ગોરો આવ્યો!
બધાં બાળક : ક્યાંથી આવ્યો?
એક બાળક : મૂઠી જેટલો મુલક મૂકી
દૂરને દરિયેથી આવ્યો!
બધાં બાળક : વારુ, વારુ, શું શું લાવ્યો?
એક બાળક : શું શું લાવ્યો ?......
કોટ લાવ્યો, પાટલુન લાવ્યો,
સુંડલા જેવી ટોપી લાવ્યો,
દારૂની બાટલીઓ લાવ્યો.
લશ્કરની તો લાર લાવ્યો,
તોપ ને બંદૂક જેવાં
કેટલાં યે કરતૂક લાવ્યો!
રોનક લાવ્યો, ચેટક લાવ્યો.
ધોળા દી'નાં ધાંડાં સાથે
નામર્દીનાં ગાડાં લાવ્યો.
કતલના કૈં સંચા લાવ્યા,
સ્વારથના બહુ કિસ્સા લાવ્યો,
દોલત ભરવા ખિસ્સાં લાવ્યો.
જાતજાતના સંચા લાવ્યો,
ધર્મ વિનાના ધંધા લાવ્યા,
નોકર ચાકર અંધા લાવ્યો.
કેળવણીના કૂચા લાવ્યો,

છાપાંના બહુ ડૂચા લાવ્યો,
ગુલામીનાં મૂળ લાવ્યો!

બધાં બાળક : એ અમારે નહિ જોઈએ,
નહિ જોઈએ, નહિ જોઈએ!

એક બાળક : ગભરાશો નહિ, ડરશો નહિ,
પાછી પાની ધરશો નહિ;
ગાફેલ થઈને ફરશો નહિ,
ઘર મૂકીને ખસશો નહિ;
ગોરાની એ જંજાળોમાં -
ફસશો નહિ, ફસશો નહિ.
મરદ બનો, બહાદુર બનો,
ઘરનું ભણો, ઘરનું વણો,
ઘરના વાંધા ઘરમાં છણો,
સાથે રહીને પેટ ભરો,
છોને વેઠો ભૂખમરો –
પણ સંપ કરો, પ્રેમ કરો.
સચ્ચાઈથી નિર્ભય રહો,
શાંતિ રાખીને દુઃખ સહો,
ભર દુનિયામાં વીર બનો,
ટાણું જોઈ શહીદ બનો.
સ્વાધીન રહીને કદમ ભરો,
ઈશ્વર પર વિશ્વાસ ધરો.

બધાં બાળક : વિજય વિજય છે ભારતનો!
વિજય વિજય છે ભારતનો.

**ચીમનલાલ પ્રા. ભટ્ટ**

## યોદ્ધાના અભિલાષ

ઓ માત હિંદ મારી! ઓ સ્વર્ગથીય પ્યારી!
શી સાધનાથી બેડી કાપી શકું હું તારી?
તુજ મુક્તિ માટ ધાવા ચરણો ખડા છે, માતા!
તુજ હિત માટ દીધા સાબૂત હાથ મારા.
વાણી દીધી જ ગાવા તુજ પ્રેમગાન રૂડાં;
તુજ દિવ્યમૂર્તિ જોવા નયનો તણા એ તારા.
ગૂંજી રહ્યા છે કર્ણો! તુજ સ્તોત્રને પ્રવાહે;
ધબકાર થાય હૈયે તુજ પ્રેમને ઉમળકે.
તુજ મુક્તિ માટ, માડી! કહે તો સમાધિ સાધું,
અંધારી ઓરડીની એકાંત કેદ સેવું.
મુજ રકતથી કરું હું અભિષેક, માત તારો;
મુજ શિર જો ચઢાવું, તો ધન્ય દેહ મારો!

કલ્યાણજી વિ. મહેતા

## ડંકો વાગ્યો

ડંકો વાગ્યો, લડવૈયા શૂરા જાગજો રે!
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે.
માથું મેલો, સાચવવા સાચી ટેકને રે!
સાચી ટેકને રે, સાચી ટેકને રે.
તોડી પાડો સરકારી જુલ્મી કાયદા રે!
જુલ્મી કાયદા રે, જુલ્મી કાયદા રે.
ભારતમુક્તિને કાજે કાયા હોમજો રે!
કાયા હોમજો રે, કાયા હોમજો રે.

ફૂલચંદ શાહ

# ઘેરિયા-ગીત

સમરેક મોરચા
વાનરસેના મોરચા!

મારો પડઘી વાનરભાઇ, યુદ્ધની તૈયારી થાય;
— હાંરે હાં ભાઈ.
ધસો ધસો આગે વીર! ભારતમાના રણધીર!
— હાંરે હાં ભાઈ.
માડીનાં દીપાવો દૂધ, શાન્તિનાં લડી લો યુદ્ધ;
— હાંરે હાં ભાઈ.
બીક કો'ની ધરશો ના, માતને લજવશો ના;
— હાંરે હાં ભાઈ.
ઊતરો રણમેદાનમાં, ઊછળો વીરા તાનમાં;
— હાંરે હાં ભાઈ.
લાઠી પડે તડાતડ, માથાં ફૂટે ફડાફડ;
— હાંરે હાં ભાઈ.
ઘોડાની જ્યાં દોડાદોડ, ઊભા રહો જોડાજોડ;
— હાંરે હાં ભાઈ.
સનનન ગોળી છૂટે લાખ, મર્દો ના કપાવે નાક;
— હાંરે હાં ભાઈ.
શૂરા તે શહીદ થાય, કાયરાં તે ભાગી જાય;
— હાંરે હાં ભાઈ.
કપરું લીધું માથે કામ, ગઢ લંકા જીતવો, છે હામ?
— હાંરે હાં ભાઈ.
ચાલો ત્યારે રાખો નામ, જય જય બોલો સીતારામ;
— હાંરે હાં ભાઈ.

**ગોપાલજી પટેલ**

# રણબંકડા

દિલડાના ડુંગરમાં દાવાનળ લાગ્યો,
જડતાની ઝાડીઓ સળગી, રણબંકડા;
દુશ્મનના દૂત હવે થરથરવા લાગ્યા!

આર્યોની નિદ્રા આજ સળગી ઊઠી રે,
ઘેને ઘેરાતી આંખ ઊઘડી, રણબંકડા;
જાલિમનાં જૂથ હવે થરથરવા લાગ્યાં!

પોઢેલા પથ્થરોને પાંખો લાધી રે,
ત્રૂટી શતકોની સંમાધિ, રણબંકડા;
ભેરવનાં ભૂત હવે થરથરવા લાગ્યાં!

મેંઢાં મટીને આજ પ્રકટ્યા છે કેસરી,
ગૌરવની ગર્જના ગજવી, રણબંકડા;
શેતાની સંઘ હવે થરથરવા લાગ્યો!

ભારતને ચોક આજ બત્રીશો યજ્ઞ છે,
શોણિતનાં છાંટણાં છાંટો, રણબંકડા;
પરદેશી રાજ હવે થરથરવા લાગ્યાં!

શોણિત છાંટીને મહાપૂજાઓ માંડો,
મસ્તકની માળા પ્રોજો, રણબંકડા;
અંગ્રેજી રાજ હવે થરથરવા લાગ્યાં!

**જયંતીલાલ આચાર્ય**

# દેશગીત

અમારે દેશ લૂ-ઝરતા ધખ્યા ગ્રીષ્મે ધખારા,
હવે મલ્લાર ગાવા સાંઝ વેળા આવ, વ્હાલા!
વલોવાતા ગયા સૈકા, ગરલ પીધાં શમાવ્યાં :
અમીકૂંપો લઈ ક્યારે હવે છો આવવાના?

નથી જોતાં અમારે કંઈ તમારાં શસ્ત્રઅસ્ત્રો,
ન વા કંઈ સાથ જોતો સજ્જ શૂરા સૈનિકોનો;
ફક્ત અમ સારથિરૂપે અમારી રાશ ઝાલો,
કુરુક્ષેત્રે પછી યુદ્ધે નથી ડર હાર કેરો.

અમે જંજીર જાતે નાખશું તોડી વછોડી,
ઝીલીશું સામી છાતીએ અમે બંદૂક-ગોળી;
મરીશું તો પરાધીનતા-દુખોથી તો છૂટીશું,
પરન્તુ આ સ્થિતિથી ના પરાજય કોઈ સ્હેશું.

અમારા ખડ્ગમાં ચમકાર તીખો સત્ય કેરો,
અમારે યુદ્ધમાં આનંદ છે ચારિત્ર્ય કેરો.
અમારે મૃત્યુમાં વિશ્વાસ છે સ્વાતંત્ર્ય કેરો :
જયાન્તે ધ્વજ ચડાવીશું અમે જગશાન્તિ કેરો.

મુકુન્દરાય પારાશર્ય

## વીર-હાક!

વીજ-કડાકે આભ તૂટે
ત્યમ વીરની હાકલ થાતી,
દિશદિશની રણભેરી રણનાં
ગીત ગુલાબી ગાતી :
“શૂરા ઘર-કોતર છોડો,
સૂની ધરતી ઢંઢોળો;
કસકસતી કમ્મર બાંધો,
લ્યો ભમ્મર ભાલા હાથે;
તીખી તેજ-કટારો વિંઝી
ગરજો અણનમ માથે :
જય વરશું કે પરહરશું,
ડગલું પાછું નહીં ભરશું.

સૂરજ ઝૂંફે, વાયુ કંપે,
ધરતી ધણધણ ધ્રૂજે;
શૂરાના શોણિતે રણની
તરસી રેણુ ભીંજે.
ભાવિની ઊજળી ભીંતો
રણનાં ગીતે રંગી દો;
શોણિત છાંટી આભ ભરો.
નમતી સંધ્યાને ટાણે,
દિશાઓ અજવાળો જગની
મંશાલને અજવાળે;
ખંખેરી જડતા હરખે
પ્રજળો ચેતનના તણખે.”

**અજ્ઞાત**

## પંજાબના અત્યાચારો

પંજાબના ઇતિહાસને દઈ કાન સુણજો હે વીરા,
એ દુઃખથી છાતી ચીરાશે, ફાટશે વ્હાલી ધરા.
ફાટી જશે પથ્થર અને વળી વૃક્ષ તૂટશે મૂળથી,
રોશે જગતનાં માનવી પંજાબના દુઃખ-શૂળથી.
પેટે ચલાવ્યા લોકને, દંડો ચલાવ્યો ત્યાં બહુ,
કહેતાં હૃદય કંપે ઘણું, જિહ્વા ગળે : હું શું કહું.
હાથપગ બાંધ્યા જનોના સ્થંભ કે કંઈ સાથમાં,
ડૂચા દીધા કંઈ લોકને, અંગાર ચાંપ્યા હાથમાં.
નિઃશસ્ત્ર ને નિર્દોષ પર ગોળી ચલાવી ડાયરે,
કતલ કર્યા હિન્દી હજારો, હાય ભારત હાય રે.
જલીઆનવાલા બાગ આજે કાશી ને મક્કા થયું,
તે જુલમીઓના જુલમથી અંગ્રેજનું પાણી ગયું.

**વામન સીતારામ મુકાદમ**

## ચંદરોઝ

ક્યાં સુધી સામ્રાજ્ય-સત્તા? – ચંદરોઝ!
ક્યાં સુધી એની મહત્તા? – ચંદરોઝ!
શું જીવે તલવાર ને બંદૂક પર,
એ સહુ હથિયાર તારાં – ચંદરોઝ!
ના દમો નિર્દોષીને, ઓ જાલિમો,
તાજ આ તમ શિર પરના – ચંદરોઝ!

**હંસરાજ**

# જય હિન્દના ડંકા થયા

યુરોપથી રણભેરીના પડઘા પડ્યા ચોખંડમાં,
કૈં શાહીવાદી પિંજરોનાં ધણધણ્યાં લોખંડ ત્યાં;
રણકેસરી જાગી ઊઠ્યા જે ધણધણાવે આભને,
ગુલામ હિન્દોસ્તાનની બેડી ભિડાઇ, લાભ એ!

પણ વીરનરોની મા રિબાતી શું સદા બેસી રહે?
'સ્વાતંત્ર્ય માટે સરફરોશી' હિન્દીઓ ગાજી કહે.
તણખા ઊઠ્યા રણહોમના જ્યાં પૂર્વના જાપાનમાં,
ત્યાં વીરનેતા હિન્દના તત્ખેવ આવ્યા ભાનમાં.

હિન્દી વીરોની રગરગે
સ્વાતંત્ર્ય-જુસ્સો તગતગે,
'હટ જાવ હિન્દોસ્તાનથી':
હિન્દી કહે સૌ શાનથી.

હિંસા તણો ફુત્કાર ભીષણ શાહીવાદે ફેંકિયો,
ને જુલ્મની વરસી ઝડી, એ સર્વ માઝા મૂકિયો.
દૂધમલ જુવાનો કૈં ખપ્યા, રેલી સરિતા રક્તની,
છાતી દ્રવી તોયે ન કોઇ શાહીવાદી ભક્તની.

દૈ હાથતાળી સિંહને
ને શાહીવાદી ભીંસને
સુભાષ જાપાને ગયા,
'જય હિન્દ'ના ડંકા થયા.

આઝાદ વીરો હિંદના નેતાજીને ચરણે નમ્યા,
'જય હિન્દ' મંત્રે જાતિપાતિના સહુ ભેદો શમ્યા.
મુસ્લિમ, હિન્દુ, શીખ સૌ નેતાજીના નેજા તળે,
માભોમની મુક્તિ કમાવા પ્રાણ દેવા ટળવળે.

વેપારીઓને વીર કીધા, વીરને કીધ ધીર તેં,
ને કાયરોને સોંપવું શી રીત શીખવ્યું શીર્ષ તેં.
કુસુમકોમળ નારીઓને તેં કીધી વજ્રાંગના,
તુજ નારીસેનાઓ રચે, વીર લક્ષ્મી જેવી અંગના.

આઝાદ ભારત ભોમની
મુક્તિ તણા મહાહોમની,
વેદી રચી દીક્ષા દીધી,
મુક્તિ તણી ઝાંખી કીધી.

'આઝાદ-સેના'માં અભયનો મંત્ર, નેતાજી! મૂક્યો,
તે આજ હિન્દોસ્તાનમાં સૌ ઘરઘરે વ્યાપી ચૂક્યો;
તારો અભયનો મંત્ર અબ રગમાં રમે છે રાષ્ટ્રની,
ચિર ગુલામીને જળાવવા થાશું ચિતા કાષ્ઠની.

**જેઠાલાલ ત્રિવેદી**

# તહીં આ શિર ઝૂકે છે

જહાં નિજ સ્વાર્થના બંધો તૂટ્યા, જ્યાંહી ફકીરી છે;
સ્વીકારી સેવના જેણે, તહીં આ શિર ઝૂકે છે.
ચહે જે દેશને દિલથી, મરે જે દેશને માટે;
અભય જે વીર સઘળે છે, તહીં આ શિર ઝૂકે છે.
ગણે ના ખોફ સત્તાનો, ગણે ના જે સ્તુતિ-નિંદા;
ઝૂઝે જે લોકના હિતે, તહીં આ શિર ઝૂકે છે.
ભભૂકી દીનનાં દુઃખે, જિગરમાં હોળીઓ જેને;
મથે એ લ્હાય બૂઝવવા, તહીં આ શિર ઝૂકે છે.
વિરોધો ને વિપત્તિનાં હજારો બંડની સામે;
સમરમાં 'કેસરી' ગાજે તહીં આ શિર ઝૂકે છે.
જુલમ અન્યાયની સામે ઊંચું જે શિર સદા રાખે;
પડે ફટકા ઝીલે હોંશે, તહીં આ શિર ઝૂકે છે.
પ્રજા ને દેશ-કીર્તિની રહી જેને ખુમારી છે;
ઉજાળે જન્મભૂમિને, તહીં આ શિર ઝૂકે છે.
સ્વમાની ટેકથી જીવે વળી દે આહુતિ સહુની;
બિરદ જે મર્દનું ધારે, તહીં આ શિર ઝૂકે છે.
ગણ્યું ઘર દેશ પોતાનું, કુટુંબી દેશીઓ માન્યા;
વહાવી પ્રેમની ધારા, તહીં આ શિર ઝૂકે છે.
વિભૂતિ દેશને ચરણે ધરી નિષ્કામ ભાવેથી;
કરે કુરબાની જીવનની, તહીં આ શિર ઝૂકે છે.

કલ્યાણજી વિ. મહેતા

## સ્વતંત્રતા

સ્વતંત્રતા! સ્વતંત્રતા! રહો દિલે તું મૂર્તિમંત!
દેશકાજ કીર્તિ-મોત મેળવી, બજાવી ફર્જ
વીરપૂત જે ગયા, સ્મરું સદા; રહેલ કર્જ
કરું અદા : કૃપા કરી બતાવ એ જ સ્ફૂર્તિ-પંથ!

જગાવ આત્મજ્યોત ને સદાય રાખ એ જ્વલંત,
મળો ફતેહબાજ વા મરું થઈ જ વીરમર્દ.
ધર્મમસ્ત શૌર્ય સૌ વહી રહો જ ખૂન ખૂન;
સત્યસંગ ધરી ઉમંગ, સૂવું ઘટે જ મૃત્યુ-અંક.

સ્વતંત્રતા! સ્વતંત્રતા! મચી રહો જ એક ધૂન;
મૃત્યુની મઝા-મીઠાશ ભોગવીશ હું અનંત.

**ચંદ્રવદન ચી. મહેતા**

## સૈનિક બનીને ચાલો

યુવાનો ઓ હિંદના, સૈનિક બનીને ચાલો;
યુવતી ઓ હિંદની, કેસરિયાં કરીને ચાલો.
સંતાનો સૌ હિંદના, મર્દો બનીને મહાલો,
મર્દો જેવા મર્દો થઈને ઘરખૂણો શે ખોળો?
વીરમગામના અત્યાચારો, ધરાસણાના લાઠીમારો,
પેશાવરના ગોળીબારો સંભારીને ચાલો.
ધોળે દહાડે આવે ધાડો, સ્ત્રીજન ઉપર લાઠી લાતો,
ગુલામીથી છૂટવા સૈનિક બનીને ચાલો.

**અજ્ઞાત**

## આનંદ છે રે લોલ

અમે કીધાં કેસરિયાં   આનંદ છે રે લોલ.
અમે મુક્તિપંથ પળિયા આનંદ છે રે લોલ.
આવે જેલ જવા વારો  આનંદ છે રેં લોલ.
પડે લાઠી તણા મારો  આનંદ છે રે લોલ.
થાયે બંદૂકના બારો   આનંદ છે રે લોલ.
ચાલે સમશેરની ધારો  આનંદ છે રે લોલ.
ભલે લોહીથી રંગાશું  આનંદ છે રે લોલ.
તોયે ભીરુ નહિ થાશું  આનંદ છે રે લોલ.
લીધી નેમ પૂર્ણ કરશું  આનંદ છે રે લોલ.
અમે ધર્મયુદ્ધે મરશું   આનંદ છે રે લોલ.

**પંકજકાંત**

## લઈશું સ્વરાજ્ય નિરધાર

સાગરને કાંઠડે મીઠું પકાવતી
હિન્દી વીરાંગનાઓ આજ;
લઈશું સ્વરાજ્ય નિરધાર.

જુલમીનું જોમ હણી રણ માંહે ઘૂમતી,
કેસરિયો એનો છે સાજ;
લઈશું સ્વરાજ્ય નિરધાર.

ઘરની સુખછાંય, બાળ, વૈભવને ત્યાગતી,
વેઠી લાઠી ને જેલવાસ;
લઈશું સ્વરાજ્ય નિરધાર.

**સવિતાલક્ષ્મી બૂચ**

## હું તો વીરાંગના

આજે બની હું તો વીરાંગના રે લોલ,
ધાર્યો અમુલખ વેશ રે;
        આજે બની હું તો વીરાંગના રે લોલ.

સાડી સુહાથે કાંત્યા સૂત્રની રે લોલ,
કેસરીએ રંગી રંગભેર રે;
        આજે બની હું તો વીરાંગના રે લોલ.

હેયું ના હાથ રહે માહરું રે લોલ,
દુ:ખી દેખીને હિંદમાત રે;
        આજે બની હું તો વીરાંગના રે લોલ.

મેં તો ધારી શમશેર બહિષ્કારની રે લોલ,
લીધી સાથે અહિંસાની ઢાલ રે;
        આજે બની હું તો વીરાંગના રે લોલ.

મારે હૈયે સ્વદેશ-પ્રેમ ઊભરે રે લોલ,
મારું ચડે છે ચિત્ત ચગડોળ રે;
        આજે બની હું તો વીરાંગના રે લોલ.

**પંકજકાંત**

## અમર આશા

ભારતમાતની આઝાદી, મારી અમ્મર આશા હો!
મારા દેશની આબાદી, અંતરની અભિલાષા હો!
ભારત મારી, હું ભારતનો, અતૂટ પ્રેમ-સગાઈ;
ભારતમાની સેવા, મારી એ જ તમન્ના હો!

**ચીમનલાલ પ્રા. ભટ્ટ**

# ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી !

ગુલામોનો નિષ્ઠુર રૂઠ્યો વિધાતા!
નથી દેવાવાળો કો આતમને શાતા!
ઊંચે બેહયા આભ, ને ધરતી માતા
નીચે હીબકે : "દેવ, ભેજો કો ત્રાતા!"
કદી, કો પે, ક્યાં, ત્રાટકી વેળ આવી?
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!

એ વસમે સમે જાણે ગેબે જ સર્જ્યો
મહાવીર એક આવીને ગર્વે ગર્જ્યો :
"ઊઠો કેસરી વીર, હુંકારી ગર્જો,
જગત-જુલ્મગારોનો સંહાર સર્જો!"
ઊભો આંગણે આવીને ઈન્કિલાબી!
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!

અને કોણ જાણે એ પ્રેરન્ત વાણી -
મહીં શીયે બજરંગી શક્તિ સીંચાણી!
ફગાવીને જંજીર સદીઓ–પુરાણી
ગુલામો ઊઠ્યા ગર્જી થૈ ખડ્ગપાણિ!
વરી વીરને કો અજબ કામયાબી!
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!

હતા કાલ કંગાલ કલ્પાન્ત કરતા,
મૂઆ જીવતે, તોય મરવાથી ડરતા;
નવી કો અસર કેરા સ્પર્શે ઝળકતા
ને 'જય હિન્દ!' નાદેથી બ્રહ્માંડ ભરતા
ઊભા આજ ફોજી બનીને રુઆબી!
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!

ઊઠ્યા બાળવૃદ્ધો, અમીરો, ફકીરો :
ધનુષથી છૂટ્યાં જાણે મુક્તિનાં તીરો!
શહાદતની સર્જન્ત લાખો લકીરો,
ખડા ખેંચી શમશીર સૌ શૂરવીરો!
જુએ શાહીવાદી આ ખાનાખરાબી!
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!

'ચલો દિલ્હી!' એ વીર-હાકલ પડી છે :
કતારો શહીદો તણી ઊપડી છે :
નિશાને જનેતાની મુક્તિ જડી છે :
મરીને અમર થાવા કેરી ઘડી છે!
જુઓ ગૈરની આથમે છે નવાબી!
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!

એ યાદી ના દિલથી કદીયે ભૂંસાશે :
કથા એ સમર્પણ તણી ના ભુલાશે :
અરે, એ શહીદીને પાવક પ્રકાશે
ઝળહળતો મુક્તિનો ઈતિહાસ થાશે -
જે ગાશે સદા શાયરો ઈન્કિલાબી!
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!

એ નેતા, એ વાણી, એ વીરો અટંકી,
એ આઝાદી-પ્યાસી જવાંમર્દી જંગી,
એ મૃત્યુની મ્હેફિલ જીવનરક્ત-રંગી :
થયાં સૌ સદાના પ્રજા-પ્રાણ-સંગી,
ઉરે ઉર ખોડાઈ ગઈ એની ખાંભી!
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!

**કરસનદાસ માણેક**

# આગે કદમ

આગે કદમ! આગે કદમ! આગે કદમ!
યારો! ફનાના પંથ પર આગે કદમ!

આગે કદમ : પાછા જવા રસ્તો નથી;
રોકાઓ ના — ધક્કા પડે છે પીઠથી;
રોતાં નહિ — ગાતાં ગુલાબી તોરથી
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

આગે કદમ!:દરિયાવની છાતી પરે,
નિર્જળ રણે, ગાઢાં અરણ્યે, ડુંગરે;
પંથે ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરે :
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

રહેશે અધૂરી વાટ, ભાતાં ખૂટશે;
પડશે ગળામાં શોષ, શક્તિ તૂટશે;
રસ્તે, છતાં, ડૂકી જવાથી શું થશે?
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

આવે ન આવે સાથીઓ સાથે છતાં,
ધિક્કાર, બદનામી, બૂરાઈ વેઠતાં,
વૈરીજનોનાં વૈરનેયે ભેટતાં :
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

જ્વાલામુખીના શૃંગ ઉપર જીવવા
તેં આદરી પ્યારી સફર, ઓ નૌજવાં!
માતા તણે મુક્તિ-કદંબે ઝૂલવા :
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

આગે કદમ! આગે કદમ! આગે કદમ!
યારો! ફનાના પંથ પર આગે કદમ!

ઝવેરચંદ મેઘાણી



## છેલ્લી પ્રાર્થના

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ,
મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ :
સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુ ઓ!

અમારા યજ્ઞનો છેલ્લો બલિ : આમીન કે'જે!
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફેર દેજે!
વધારે મૂલ લેવાં હોય તોયે માગી લેજે!
અમારા આખરી સંગ્રામમાં સાથે જ રે'જે!

પ્રભુજી! પેખજો આ છે અમારું યુદ્ધ છેલ્લું,
બતાવો હોય જો કારણ અમારું લેશ મેલું –
અમારાં આંસુડાં ને લોહીની ધારે ધુએલું!
દુવા માગી રહ્યું, જો, સૈન્ય અમ તત્પર ઊભેલું.

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે,
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે :
ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે?

જુઓ આ, તાત! ખુલ્લાં મૂકિયાં અંતર અમારાં,
જુઓ હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા,
જુઓ, છાના જલે અન્યાયના અગ્નિ-ધખારા :
સમર્પણ હો, સમર્પણ હો, તને એ સર્વ પ્યારા!

ભલે હો રાત કાળી – આપ દીવો લૈ ઊભા જો!
ભલે રણમાં પથારી – આપ છેલ્લાં નીર પાજો!
લડન્તાને મહા રણખંજરીના ઘોષ ગાજો!
મરન્તાને મધુરી બંસરીના સૂર વાજો!

તૂટે છે આભ ઊંચા આપણા આશા-મિનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા;
સમર્પણની છતાં વહેશે સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં લગી મુક્તિ-કિનારા!

**ઝવેરચંદ મેઘાણી**

[૧૯૩૦. સત્યાગ્રહના પ્રથમ સંગ્રામમાં કવિ પર પાયા વગરના આરોપસર મુકદ્દમો ચાલેલો, ત્યારે બે વર્ષની સજા કરનાર મેજિસ્ટ્રેટ મિ. ઇસાણીની ધંધુકા ખાતેની અદાલતમાં એમની અનુજ્ઞાથી કવિએ ગાયેલું.]

# કોઈનો લાડકવાયો

[ઢાળ : મરાઠી સાખીનો]

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે :
ઘાયલ મરતાં મરતાં રે
માતની આઝાદી ગાવે.

કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશય્યા પર લળતી,
મુખથી ખમા ખમા કરતી
માથે કર મીઠો ધરતી.

થોકે થોકે લોક ઊમટતા રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને :
નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને.

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો :
અણપૂછ્યો અણપ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો.

એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સીંચણ તેલ-કચોળાં નવ કોઈ બહેની લાવી :
કોઈના લાડકવાયાની
ન કોઈએ ખબરે પુછાવી.

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સનમુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી :

કોઈના લાડકવાયાંની
આંખડી અમૃત નીતરતી.

કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં :
આતમ-દીપક ઓલાયા,
ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં.

કોઈના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એના હૈયા ઉપર કર-જોડામણ કરજો :
પાસે ધૂપસળી ધરજો,
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો!

વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ઠ-કપોલે-ભાલે ધરજો ચુંબન ધીરે :
સહુ માતા ને ભગિની રે!
ગોદ લેજો ધીરે ધીરે!

વાંકડિયાં એ જુલ્ફાંની મગરૂબ હશે કો' માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા :
રે! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડો શાતા.

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ અહર્નિશ પ્રભુને પાયે પડતી,
ઉરની એકાન્તે રડતી
વિજોગણ હશે દિનો ગણતી.

કંકાવટીએ આંસુ ઘોળી છેલ્લું તિલક કરંતા,
એને કંઠ વીંટાયા હોશે કર બે કંકણવંતા :

વસમાં વળામણાં દેતા,
બાથ ભીડી બે પળ લેતા.
એની કૂચકદમ જોતી અભિમાનભરી મલકાતી,
જોતી એની રુધિર-છલકતી ગજ ગજ પહોળી છાતી,
અધબીડ્યાં બારણિયાંથી
રડી કો' હશે આંખ રાતી.
એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે :
કોઈના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.
એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી :
લખજો : 'ખાક પડી આંહીં
કોઈના લાડકવાયાની'.

**ઝવેરચંદ મેઘાણી**

## મોતનાં કંકુ-ઘોળણ

[૧૯૩૦ના રાષ્ટ્રસંગ્રામને ઉદ્દેશીને]

કંકુ ઘોળજો જી કે કેસર રોળજો!
પીઠી ચોળજો જી કે માથાં ઓળજો!
ઘોળજો કંકુ આજ યોદ્ધા રંગભીને અવસરે,
રોપાય મંડપ મોતના ગુર્જરી કેરે ઘરઘરે;
મીંઢોળબંધ તજી માયા, સજી આયુધ નીસરે,
હરખાવ પ્રિયજન, ગાવ ગુણીજન, દાવદુશ્મન થરથરે.

જોદ્ધા જાગિયા જી કે કાયર ભાગિયા,
ડંકા વાગિયા જી કે હાકા લાગિયા;
લાગિયા હોહોકાર રણલલકાર ઘરઘર બારણે,
કંકુ લગાવત પ્રિયા, બહેની લળે વીરને વારણે;
સહુ સાથ લડશે, પછી રડશે કોણ કોને કારણે!
રિપુઓને આંગણ સંગ-પોઢણ પામવા દિલ રણઝણે.
માંડ્યાં કારમાં જી કે જુદ્ધ જગે નવાં,
ના ના મારવા જી કે શીશ સમર્પવા;
કારમાં રણ ખાંડા વિનાનાં ખેલવા હાકલ પડી,
હુલ્લસિત હૈયે ઘાવ તાતા ઝીલવા સેના ચડી;
છો હણે ઘાતી, રખે થાતી રોષ-રાતી આંખડી,
ગુર્જરી! તારાં જુદ્ધ નવલાં ન્યાળવા આલમ ખડી.
ગુર્જર ઘેલડી જી કે ઓ અલબેલડી!
સમરાંગણ ચડી જી કે તું ન હતી લડી!
ન હતા લડ્યા તારા બિચારા બાળ ગભરુ ઘેલડા,
હર વરસ હોરી-ખેલ રસબસ રમન્તા તુજ છેલડા!
આવિયો ફાગણ આજ ભીષણ, ખેલજો રે ફૂલ-દડા!
મોતની ઝારી રક્ત-પિચકારી ભરી રિપુદળ ખડાં.
રાજ વસંતનાં જી કે વાહ વધામણાં!
ગાઓ ગાવણાં જી કે જુદ્ધજગાવણાં;
ગાઓ બજાવો, જુદ્ધ જગવો, વાહ, ઘોર વધામણાં!
ગુર્જરી! તારે મધુવને ગહેકે મયૂરો મરણના;
મઘમઘે જોબન, પ્રાણ થનગન, લાગી લગન, સહાય ના;
પ્રગટે હુતાશન, ભીતિનાશન, ખમા વીર! ખમા! ખમા!

**ઝવેરચંદ મેઘાણી**

# વિદાય

[ઢાળ : હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ]

અમારે ઘર હતાં, વ્હાલાં હતાં, ભાંડું હતાં, ને
પિતાની છાંય લીલી, ગોદ માતાની હતીયે;
ગભૂડી બ્હેનના આંસુભીના હૈયાહિંચોળે
અમારા નેન ઊનાં ઝંપતાં આરામ-ઝોલે.

બધી માયા-મહોબ્બત પીસતાં વર્ષો વીતેલાં,
કલેજાં ફૂલનાં, અંગાર સમ કરવાં પડેલાં :
ઉખેડ્યા જે ઘડી છાતી થકી નિ:શ્વાસ છેલ્લા,
અમારે રોમ-રોમેથી વહ્યા'તા રક્તરેલા.

સમય નો'તો પ્રિયાને ગોદ લૈ આલિંગવાનો,
સમય નો'તો શિશુના ગાલ પણ પંપાળવાનો,
સમય નવ માવડીને એટલું કહેતાં જવાનો :
'ટપકતા આંસુને, ઓ મા! સમજજો બાળ નાનો'.

અહોહો ક્યાં સુધી પાછળ અમારી આવતી'તી
વતનની પ્રીતડી! મીઠે સ્વરે સમજાવતી'તી,
ગળામાં હાથ નાખી ગાલ રાતા ચૂમતી'તી,
'વળો પાછા!' વદીને વ્યર્થ વલવલતી જતી'તી.

બિરાદર નૌજવાં! અમ રાહથી છો દૂર રે'જે,
અમોને પંથભૂલેલા ભલે તું માની લેજે;
કદી જો હમદિલી આવે, ભલે નાદાન કે'જે;
'બિચારા' કૂહેશ ના – લાખો ભલે ધિક્કાર દેજે!

ઓ દોસ્તો! દરગુજર દેજો દીવાના બાંધવોને;
સબૂરી ક્યાંય દીઠી છે કલેજે આશકોને?
દિલે શું શું જલે – દેખાડીએ દિલઆહ કોને?
અમારી બેવકૂફીયે કદી સંભારશોને?

અગર બહેતર, ભૂલી જાજો અમારી યાદ ફાની!
બૂરી યાદે દુભવજો ના સુખી તમ જિન્દગાની;
કદી સ્વાધીનતા આવે – વિનંતી, ભાઈ, છાની :
અમોનેયે સ્મરી લેજો જરી, પળ એક નાની!

ઝવેરચંદ મેઘાણી

## કુચ્છ કરકે ઊઠેંગે

બૈઠે હૈં તોરે દરપે,
કુચ્છ કરકે ઊઠેંગે;
યા વસ્લ ભી હોગા,
યા મરકે ઊઠેંગે.

ખંજર, ખફા નઝરસે,
સિતમગરકે છુટેંગે;
સીનોંકે ઢાલસે હી,
કટા કરકે ઊઠેંગે.

જલ્લાદ! ચલા દે છુરી,
ક્યા ડરકે ઊઠેંગે?
દીનકે લિયે, બિરાદર,
ધરો ધરકે ઊઠેંગે.

સચ્ચે શહીદ હોકર,
કબરસે ભી ઊઠેંગે;
પ્યારે વતનકે ખાતિર,
કુચ્છ કરકે ઊઠેંગે.
યા મરકે ઊઠેંગે.

કેશવ હ. શેઠ

## પ્રેમોન્મત્ત

હું દીવાનો દેશનો, મને કોઈ ન સતાવો;
હોય જે મારા સમા મારી કને આવો.
હોડી વિના સિંધુ તરો, હિંમત ન હઠાવો;
હથિયાર વિણ ઝૂઝી શકો તો સંગ સિધાવો.
ઢાંકો તમારું મુખ ચહો જો લોભથી લ્હાવો,
જે હોય દીવાનો તે બને મુજ સંગમાં બાવો.
સુખ-આશ કેરા પાશ બાળી ખાખ લગાવો,
ભીતિ જલાવો ભઠ્ઠીમાં, આ દેશ જગાવો.
નિરાંત કેરી રાતમાં નિદ્રા નહીં લાવો,
ઉજાગરે આનંદ માનો તો તમે ફાવો.
શય્યા ચહો જો પુષ્પની તો મ્હોં ન બતાવો,
સૂવું હોય શરશય્યા પરે તો દોસ્તીનો દાવો.

**નગીનદાસ પુ. સંઘવી**

## પ્રતિજ્ઞા

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય.
ભલે વરસે વરસાદ મહા જુલ્મનો રે,
ભલે થાવાનું હોય તે થાય.
અમે કીધાં કેસરિયાં પ્રેમથી રે,
ભારતની રાખવા લાજ.

**અજ્ઞાત**

## ધર્મભૂમિ ધરાસણાને

ધરાસણાની ધગતી ભૂમિ ઓ!
શા ભાગ્યલેખો જ લલાટ તારે
લખ્યા વિધિએ કર કોમલે કો'?
તે લેખના લેખ રચે છ લોકો.

પવિત્રતા નીતરતી પ્રતિમા
ઊભી જ્યહીં ભૂમિ ધરાસણા ત્યાં,
નિ:શસ્ત્ર ને મુક્ત અવેર ભાવે
ઊભા યુધિષ્ઠિરસમા શૂરા એ :

ઊભા જ્યહીં નિમકના પહાડો
મચ્યાં ત્યહીં યુદ્ધ સ્વતંત્રતાનાં :
અહીં ફૂટ્યાં શીર્ષ શૂરા જનોનાં,
અહીં વહી વીરની રક્તધારા.

દીઠાં જગે જુદ્ધ અતિ પુરાણાં
પરસ્પરે પાશવી શક્તિ કેરાં;
નવીન દીક્ષા દીધ તેં અનેરી,
ધરાસણા! ઓ! અમ વીરભૂમિ!

અદ્યાપિ પર્યંત પળે જનો સૌ
યાત્રા કરી પૂત પવિત્ર થાવા
કાશી, મથુરા, ક્યહીં રામદ્વીપે;
હવે જશે તે તુજ પાધરે સૌ.

યાત્રાભૂમિ ઓ! અમ તીર્થસ્થાન!
ધરાસણા ઓ! અમ વીરસ્થાન!
ફૂટન્ત તારા ગૂઢ મર્મમાંથી
અવેરની અક એખંડ જ્યોતિ!

રતુભાઈ દેસાઈ

## જય સરદાર

કોની હાકે મડદાં ઊઠ્યાં?
કાયર કેસરી થઈ તડૂક્યા?
કોની રાડે કપટી જુઠ્ઠા,
જાલિમોનાં ગાત્ર વછૂટ્યાં?
ખેડૂતોનો તારણહાર
જય સરદાર! જય સરદાર!

ખેડુની મુક્તિને કાજે,
સિંહ સમો ગુજરાતે ગાજે,
તાજ વિનાનો રાજા રાજે,
કોણ હશે જન-વલ્લભ આજે?
ખેડૂતોનો તારણહાર
જય સરદાર! જય સરદાર!

માટીમાંથી મર્દ બનાવી,
સબળી સત્તાને થંભાવી,
ગુર્જરીમાને જેબ અપાવી,
ભારતભર ઉષા પ્રકટાવી,
ખેડૂતોનો તારણહાર
જય સરદાર! જય સરદાર!

**કલ્યાણજી વિ. મહેતા**

## રણગીત

કોણ રે ઊઠશે, ભાઈ?
હો કે, કોણ રે ઊઠશે, ભાઈ?

શંખ કરાળે, દુઃખની ત્રાડે
ભારતમાતા આપણી ગાથા
બોલે, ઓ ભાઈ!
ભારત આપણી બોલે:
ભૂખ મિટાવા, દુઃખ ફિટાવા
કોણ રે ઊઠશે, ભાઈ?
હો કે, કોણ રે ઊઠશે, ભાઈ?

[વૃંદગાન]
ભારતવીર, ભારતવીર,
મરવા અમે સૌ અધીર,
મરશું અમે ભારતવીર.

કોણ રે ધપશે, ભાઈ?
હો કે, કોણ રે ધપશે, ભાઈ?

તીર વછૂટે વેગ અખૂટે,
કૂચમાં કદમ લેશે, નહિ દમ
ખૂટે, ઓ ભાઈ?
કૂચમાં દમ ના ખૂટે
ઝીલતા ઘાવ, જીતતા દાવ,
કોણ રે ધપશે, ભાઈ?
હો કે કોણ રે ધપશે ભાઈ?

[વૃંદગાન]
ભારતવીર, ભારતવીર,
મરવા અમે સૌ અધીર,
મરશું અમે ભારતવીર.

કોણ રે સહેશે, ભાઈ?
હો કે, કોણ રે સહેશે, ભાઈ?

વેદના ભૂંડી, યાતના ઊંડી,
મૂઢ કે ખુલ્લી ચોટ અસિની
કૂડી, ઓ ભાઈ!
મૂઢી ચોટો કૂડી,
કઠણ હૈયે, કોમળ હૈયે,
કોણ રે સહેશે, ભાઈ?
કોણ રે સહેશે, ભાઈ?
હો કે, કોણ રે સહેશે ભાઈ?

[વૃંદગાન]
ભારતવીર, ભારતવીર,
મરવા અમે સૌ અધીર,
મરશું અમે ભારતવીર.

કોણ રે મરશે, ભાઈ?
હો કે, કોણ રે મરશે, ભાઈ?

કેસરરંગે કાળભુજંગે,
જીવન્ ઘોળી ખેલતો હોળી
અંગે, ઓ ભાઈ?
જીવનહોળી અંગે,

મુક્તિ કાજે, અમર સાજે
કોણ રે મરશે, ભાઈ?
હો કે, કોણ રે મરશે, ભાઈ?

[વૃંદગાન]
ભારતવીર, ભારતવીર,
મરવા અમે સૌ અધીર,
મરશું અમે ભારતવીર.

સુન્દરમ્

## રણે ચડો

સ્વતંત્રતાનો વાગે ડંકો, શૂર સિપાહી! રણે ચડો!
જાલિમોના જુલમો સામે મરદ બનીને લડો લડો!
મુલક લૂંટાયો, સંપત ચાલી, ભૂખે તફડી બાળ મરે,
જલિયાંવાલા ખૂન સ્મરે છે? ભીષણ હત્યાકાંડ દહે!

લાલાજીનો જખ્મ એ કારી, જતીન-મૃત્યુ સ્મરો સ્મરો!
ફાંસી-લટક્યા શહીદો કેરી માતાઓનાં આંસુ સ્મરો!
જુલ્મની જ્વાળા ચહુ દિશ ભભૂકે, જોતાં આંખો લાલ બને!
મડદાં પણ કબરેથી ઊઠે – હિન્દ! હજી શું કહેવું તને?

ઊઠ ઊઠ,ભારત! ગુલામી આવી, ભીરુ બની શું સહ્યા કરે!
સ્વાધીન બનવા વિજયી મૃત્યુ લડતાં લડતાં વરજે રણે!
ઊઠ ઊઠ,શૂર સિપાહી! આખી દુનિયા રહી જો જોઈ તને!
સંગીન-ઘા ઉર ઝીલતું સ્વાધીન આજે હિંદ બને!

અજ્ઞાત

# ગુજરાતનું ગૌરવ

સુણ ગરવી ગુજરાત, વાત કંઈ કહું તે કાનમાં;
સમજુ છે તું સુજાત, સમજશે સહજ સાનમાં.
વસ્તી વસુ સુખ તને, વળી વેપાર વણજનું;
જ્ઞાન ધર્મે પણ સુખી, દુખ નહિ અધિક કરજનું.
પણ ક્યાં બુદ્ધિ વિશાળ, કવિ ઋષિ વીર ગયા ક્યાં?
રણ ગજવે રંગભૂમિ – સર્વ એ સ્થિર થયા ક્યાં?
પાડી દેહ પવિત્ર, ગયા ક્યાં રક્ષક એવા?
ક્યાં તે સ્વદેશ-દાઝ? પ્રજા-રાજાની સેવા?
ક્યાં પ્રાચીન ચાતુર્ય? અસલતા ક્યાં રે તારી?
નૌતમ નરની નાર, જાણ્યું શું વંશ વધારી?
પુત્ર જણ્યા બહુ પેર, જણ્યા પણ જોગવિયાં નહીં;
સુખ સ્વપ્ને દીઠેલ, જાગી તેં જોગવિયાં નહીં.
બેઠી પનોતી, હાય! દુર્દશા આખે દેશે,
જ્યાં જોઉં ત્યાં સ્વાર્થ ભટકતો ભિન્ન ભિન્ન વેશે.
ન મળે શૌર્ય ઉમંગ, આર્ય અભિમાન કશું રે,
દેશદાઝ પણ પડી, પરાધીન પ્રજા પશુ રે.
ત્રણ સૈકા વહી ગયા, વશ પડી રહી બીજાને;
જતા-આવતા સર્વ પવનની આણ તું માને.
હાય! કેમ જીવાય પરાધીન એ સ્થિતિમાં?
છૂટી પડે અવતાર ગુલામી દેખીતીમાં.
માડી! ઊઠ, કર જોડ, ક્ષમા માગી લે વહેલી;
કરતાંયે પડ બ્હાર, હિંદમાં સૌથી પહેલી.

રજપૂત વીર જગાડ, રાજ્યકર્તા કર સાચા;
બ્રહ્મબાળ વિદ્વાન, જ્ઞાન-જિજ્ઞાસુ જાચા!
દેશ-દેશ વગડાવ શંખ તુજ સ્વાધીનતાનો,
બધે ઐક્યતા ભજવ, પરાજય કરી ભિન્નતાનો!
પિટવ દાંડી પરમાર્થ, સ્વાર્થ સંહારી માડી!
સુધરે પુત્રપરિવાર પરસ્પર પ્રીતે ઘાડી.
પૂર્વજન્મનાં પાપ નર્મદા-જળ શુદ્ધ કરશે,
નવીન જન્મ શૂરવીર થકી એ ખોળે ભરશે.
હું ક્યાં જોવા રહું નવીન એ જન્મ જ તારો?
માત-દુખ-મૂંઝવણે ગાળી નાખ્યો જન્મારો.
હશે ન મુજ મન દુખ વિશેષે એ વિશેનું,
અર્પી દઉં સો જન્મ, એવડું મા! તુજ લ્હેણું.
સો આપું લઈ એક સહસ્ર આપું એકે,
ગુર્જર દેશ ફરી જોઉં દીપતો સત્ય-વિવેકે.
પણ તે દિન હજી દૂર, નથી મારા વારામાં;
મોડે વહેલે ભલે, જોગ પડતાં સારામાં.
નમન હાલ, ગુજરાત માત! આ સલામ છેલ્લી;
સફળ થજો આશિષ, ભક્ત પુત્રે આપેલી.

બહેરામજી મલબારી

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130247
Date 9-9-2010
SIMLA

Printed at Shivam Offset Press, A-12/1 Naraina Indl. Area, Phase-I, New Delhi-110 028

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

एकः सूते सकलम्

રૂ. 9.00

ISBN 81-237-2182-X

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

SABARMATI ASHRAM
000881 Ahmedabad
SWATANTRA SANGRAM NA
GEETO GUJ..
MRP:Rs.9

Library IIAS, Shimla
GJ 891.471 M 472 S
00130247